

# રામભક્ત



वर्ष : २१, - अंक संख्या : ५ - सलंग अंक : २२९
वि.सं. : २०८२ चैत्र - दिनांक : १०-५-२०२६



શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ (રાજ્ય મંડળ)
સ્થાપના : તા.૭-૧-૧૯૭૯ ટ્રસ્ટ રજી.નં.એફ.૧૯૧ ભાવનગર
શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલય - સાવરકુંડલા - ૩૬૪૫૧૫
E-mail : rambhakt.svkd@gmail.com • http://www.rambhaktsvkd.org



## શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યાછાત્રાલય સાવરકુંડલાને વર્ષ ૨૦૨૬-૨૭ માટે શ્રી લાલજીમહારાજની જગ્યા સાયલા(ભગતનું ગામ) તરફથી ઘઉં, ચોખા, ચણાનું અન્નદાન



પ.પૂ.શ્રી લાલજી મહારાજ

પ.પૂ.મહંતશ્રી દુર્ગાદાસ બાપુ





સૌરાષ્ટની દેહાણ જગ્યા શ્રી લાલજીમહારાજ ની જગ્યા સાયલા ના આપણા રામાનંદ સંપ્રદાયના ગૌરવ સમાન વર્તમાન મહંત મહામંડલેશ્વર પ.પૂ.શ્રી દુર્ગાદાસજી મહારાજ ગુરૂ શ્રી તુલસીદાસજી મહારાજ તરફથી લાલજી મહારાજની પ્રસાદી રૂપે છેલ્લા ૧૩ વર્ષથી શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ સાવરકુંડલામાં રહીને અભ્યાસકરતી બાળાઓનો સાત્વીક ભોજન મળી રહે તે માટે અન્ન નું દાન મળે છે. વર્ષ ૨૦૨૬-૨૦૨૭ માટે બાપુને ફોન કરીને યાદી પાઠવતા તા.૨૫-૦૪-૨૦૨૬ ના રોજ સંસ્થાના ટ્રસ્ટીઓ ઘનશ્યામબાપુ (રાઘવ), અમરદાસબાપુ નિમાવત, અરુણભાઈ દેવમુરારી પ્રમુખશ્રી, મનીષભાઈ પિપાવત, શ્રી અશોકભાઈ રામાનુજ પૂર્વ પ્રમુખશ્રી ટ્રસ્ટીશ્રી રૂબરૂ જતા પ્રથમ મંદિરમા બિરાજતા ભગવાનના દર્શન કર્યા બાદ દુર્ગાદાસ બાપુનું મોમેન્ટો અને સાલ ઓઢાડી સન્માન કર્યુ.બાપુએ સૌનું સ્વાગત સન્માન ભેટ પૂજા બાદ પ્રસાદ લેવડાવ્યો. અને હાલની જરૂર મુજબ ઘઉં ૧૦૦ (એકસોમણ), ચોખા ૧૦ (દશમણ), ચણા ૪.૫ (સાડાચારમણ) ગાડીમાં ભરાવી આપ્યાં. આમ બાપુ તરફથી છેલ્લા ૧૩ વર્ષથી જરૂરીયાત પ્રમાણે અન્નની પ્રસાદી મળે છે. સાયલા જગ્યા દર્શન કરવા જેવું સ્થળ છે. પ્રતિદિન હજારો શ્રધ્ધાળુઓ દર્શન કરવા આવે છે. સૌને આગ્રહ પૂર્વક પ્રસાદ લેવડાવે છે. "જ્યાં અન્ન ત્યાં હરિ ઢુકડો" કહેવત સાર્થક બને છે.

## શ્રી ભુરખીયા હનુમાનદાદા ના ૪૪૦માં પ્રાગટ્ય દિને (ચૈત્રી પુનમ) દાદા ના પૂજારી રમેશભાઈ નરસંગદાસ નિમાવત તરફથી દાદાની પ્રસાદી તેલ ડબ્બા ૧૧ છાત્રાલયને અર્પણ





ભુરખીયા હનુમાનજીદાદા સંવત ૧૬૪૨ ના ચૈત્ર સુદ - ૧૫ ના દિવસે સ્વયંભૂ પ્રગટ થયેલા તેને આજે ૪૪૦ વર્ષ થવા જાય છે. ચૈત્ર પુનમે પ્રતિ વર્ષ ત્યાં મેળો ભરાય છે. લાખો ભાવિક ભક્તો દર્શન કરી ધન્ય બને છે. તા ૦૪/૦૪/૨૦૨૬ શનિવારે દાદાના દર્શને સાવરકુંડલાથી ઘનશ્યામબાપુ (રાઘવ) જતા પૂજારી પિયુષભાઈ સાથે દાદાના પ્રાગટ્ય વિષે સંવાદ થયો. આપણી કન્યા છાત્રાલય વિષે થોડી ચર્ચા થઈ અને પિયુષભાઈએ તુંરત જ ૧૧ ડબ્બા તેલ છાત્રબાળાઓ ના ભોજન માટે દાદાની પ્રસાદી રૂપે આપેલ . આ પરિવાર છાત્રાલય સાથે ઘણા સમયથી જોડાયેલ છે. રૂબરૂ આવી છાત્રબાળાઓને ભોજન કરાવે છે. તેમના તરફથી એક કાયમી મિષ્ટ ભોજનતિથી નું પણ દાન મળેલ છે. નિમાવત પરિવારનો છાત્રાલય ટ્રસ્ટીઓ હ્રદયથી આભાર માને છે.

**:: હસ્તે ::**

રમેશભાઈ નરસંગદાસ નિમાવત
પિયુષભાઈ રમેશભાઈ નિમાવત
ભૂમિબેન પિયુષભાઈ નિમાવત

ભૂમિકાબેન રમેશભાઈ નિમાવત (મોટા પુત્રી)
રીનાબેન અચ્યુતકુમાર(નાના પુત્રી ભાયાવદર)
ચિ. જેન્યા પિયુષભાઈ નિમાવત (પૌત્રી)
ચિ. અંશ પિયુષભાઈ નિમાવત (પૌત્ર)

## શ્રી બજરંગદાસબાપા કન્યા છાત્રાલય સાવરકુંડલાને સને.૨૦૨૬/૨૭ માટે મસાલાદાન (અમદાવાદ)



આપણા રાજય મંડળના દાતા ટ્રસ્ટી દિનેશચંદ્ર ડાયાલાલ આચાર્ય (કુબાવત) (M.com -નિવૃત અધ્યાપક) ના સુપુત્ર શ્રી દેવભાઈ ડી.આચાર્ય (E.C.eng)નાં સંકલ્પ થી શ્રી બજરંગદાસબાપા કન્યા છાત્રાલય સંકુલમાં બાર માસીક જરૂરીયાત મુજબ મસાલા તમામ તૈયાર કરી સંસ્થા એ મોકલી આપ્યા છે. આવા વિરલ વ્યકિતત્વને તેમનાં સંકલ્પને હર હંમેશ સાકાર કરે તેવી પ્રભુ પાસે પ્રથના . તથા શુભકામના મસાલાદાન આપવા બદલ રાજયમંડળ આપનું આભારી છે.



-: હસ્તે :-

શ્રીદિનેશચંદ્ર ડાયાલાલ આચાર્ય(ટ્રસ્ટી રાજયમંડળ)
શ્રી દેવકુમાર દિનેશચંદ્ર આચાર્ય(AWA Teach co.lt)
શ્રીમતિ.કલ્પનાબેન દિનેશચંદ્ર આચાર્ય(B.A)
શ્રીમતિ અન્નપૂર્ણાબેન દેવકુમાર આચાર્ય(B.com)
ચિ.મહર્ષિ દેવકુમાર આચાર્ય- અમદાવાદ

## શ્રી બજરંગદાસબાપા કન્યા છાત્રાલયને સોલાર પેનલનું દાન



શ્રી બજરંગદાસ બાપા રામાનંદ ગુરુકુળ કન્યા છાત્રાલય સાવરકુંડલા મુકામે સોલાર સિસ્ટમ માં વધારો કરવા અંગે ની પોસ્ટ પ્રમુખ શ્રી દ્વારા ગ્રૂપ માં મૂકવામાં આવેલ.. આ પોસ્ટ વાંચી ને આપણા રાજ્ય મંડળ નાં ટ્રસ્ટી શ્રી પ્રફુલભાઈ રામાવત સાહેબે વાંચતા તુરંત તેમને પ્રમુખ શ્રી અરુણભાઈ દેવમુરારી ને મોબાઈલ ફોન કરી ને રુ.૧૧૦૦૦/-નું અનુદાન જાહેર કરી સોલાર સિસ્ટમ માટે તુરંત મોકલી આપશે...હજુ પણ સોલાર સિસ્ટમ માટે વધુ માં વધુ દાન કરવા જણાવેલ છે...ધન્ય છે આવા દાતા શ્રી ઓ ને...

અગાઉ પણ શ્રી પ્રફુલભાઈ રામાવત સાહેબે સંસ્થા ને અનુદાન આપી ચૂક્યા છે.. શ્રી ઈષ્ટદેવ હનુમાનજી મહારાજ અને સદગુરુ શ્રી બજરંગદાસ બાપા ની અસીમ કૃપા આપની ઉપર બની રહે તેવી પ્રાથના સાથે શ્રી પ્રફુલભાઈ રામાવત સાહેબ અને તેમના પરિવાર નો ખૂબ ખૂબ આભાર..

હસ્તેઃ શ્રીમતિ સરસ્વતીબેન પ્રફુલ્લભાઈ રામાવત(અમદાવાદ બોપલ)

## ઉત્તરક્રિયા - કેશોદ



સાંઢા (ઘેડ) હાલ કેશોદ નિવાસી હર્ષદભાઈ વલ્લભદાસ લશ્કરી ના પૂ. માતૃશ્રી સ્વ વિજયાબેન વલ્લભદાસ લશ્કરી, ઉં.વ.૮૫,તા.૨૬/૦૩/૨૦૨૬ના રોજ રામચરણ પામેલ હોય. જેમની ઉત્તરક્રિયા તા. ૦૫/૦૪/૨૦૨૬ દશા શ્રાદ્ધ અને તા. . ૦૫/૦૪/૨૦૨૬ દશા શ્રાદ્ધ અને તા. ૦૬/૦૪/૨૦૨૬ ને સોમવારે ઉત્તર ક્રિયા પાણી ઢોળ રામાનંદ ભવન કેશોદ ખાતે સગા-સંબંધીઓ અને મિત્ર મંડળની વિશાળ હાજરીએ સંપન્ન થયેલ. તા. ૦૫/૦૪/૨૦૨૬ ને રવિવારે રાત્રે કરણભાઈ જલુ અને મિત્ર મંડળ (મઘરવાડા) દ્વારા નામ-સ્મરણ રામધૂન કાર્યક્રમનું આયોજન કરેલ. જેમાં સૌ હાજર મહેમાનો દ્વારા ઘોર સ્વરૂપે રૂપિયા ૧૬૫૦૦/- ભેટ મળેલ. જે ભેટમાંથી રામાનંદ ભવન કેશોદને રૂપિયા ૧૫૫૦૦/- ધૂન મંડળ તરફથી ભેટ તરીકે અર્પણ કરવામાં આવેલ. તેમજ રૂપિયા ૧૦૦૦/-રામભક્તને ખુશી-ભેટ. યજમાન શ્રી હર્ષદભાઈ વલ્લભદાસ લશ્કરી દ્વારા પૂ. સ્વ. પિતાશ્રી વલ્લભદાસ લક્ષ્મણદાસ લશ્કરી અને પૂ. સ્વ. માતૃશ્રી વિજયાબેન વલ્લભદાસ લશ્કરીના ફોટો સ્મૃતિ રૂપે રૂપિયા ૧૪૦૦૦/- રામાનંદ ભવન કેશોદને અર્પણ કરવામાં આવેલ.

હસ્તે - ડેનિશભાઈ હર્ષદભાઈ

સંચાલન અને સંકલન – હસુભાઈ ત્રિભોવનદાસ લશ્કરી (ઉપ-પ્રમુખશ્રી રાજય મંડળ, કેશોદ)

રૂા ૧૦૦૦/- પ.નં. ૩૨૯ મળ્યાં છે.

## અભિનંદન ..... અભિનંદન... અભિનંદન..

Congratulations



**ડો. અથર્વ રામાનુજને M.S. OBGY ( Obstetrics & Gynaecology)માં પ્રવેશ મેળવવા બદલ તેમજ ઈશ્વર પૃથ્વી પર મોકલે ત્યારે માધ્યમ બનવા બદલ અભિનંદન...**





**ડો. ભરત રામાનુજ**
(કુલપતિ મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી)
**ડો. પ્રતીક્ષા રામાનુજ**

**ડો. રાજદીપ કુબાવત**
(MD Anaesthetist)

**ડો. હેલી રામાનુજ કુબાવત**
DGO, FRM ( Infertility specialist)

**ડો. પ્રફુલ્લ પુજારી**
MDS (Arth Dentistry Rajkot)

**ડો. વૃષ્ટિ રામાનુજ પુજારી**
MDS (Arth Dentistry Rajkot)

**પ્લક્ષા કુબાવત રિયાન્યા કુબાવત**

अभिनंदन अभिनंदन

રૂા.૩૦૦૦/- બેંક થી જમા મળેલ છે.


પૂ.બજરંગદાસબાપા

સોસાયટી એક્ટ રજી નં. ગુજ/૨૪૨ ટ્રસ્ટ રજી. નં. એફ, ૧૯૧ ભાવનગર

પરમ પૂજ્ય શ્રી દયારામબાપા પ્રેરીત

શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળનું

# રામભક્ત

માસિક મુખપત્ર


પૂ.દયારામબાપા

## માલિક

શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ
શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ
કન્યા છાત્રાલય – સાવરકુંડલા
જિ.અમરેલી (ગુજરાત) ૩૬૪૫૧૫

## તંત્રી/પ્રકાશક

શ્રી ભાનુપ્રસાદ ડી.રામાનુજ
ટ્રસ્ટીશ્રી,ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ

## પ્રમુખશ્રી

અરૂણભાઇ ડી.દેવમુરારી – સાવરકુંડલા
મો.૯૪૨૭૪૯૧૦૦૬

## મહામંત્રી

મનીષભાઇ આઇ.પિપાવત – કારિયાણી
મો.૯૮૨૪૪૮૩૭૧૨

## પ્રકાશન સ્થળ

રામભક્ત કાર્યાલય
શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરુકુળ કન્યા છાત્રાલય
સાવરકુંડલા – ૩૬૪૫૧૫

## મુદ્રક

**હરિઃૐ ઓફસેટ** પાળિયાદ રોડ,બોટાદ ફોન : ૯૯૨૪૨ ૧૯૧૭

અધિક્ષકશ્રી : શ્રી ઘનશ્યામબાપુ (રાઘવ)-સાવરકુંડલા
મો.૯૪૨૬૯ ૭૦૩૭૩

સહતંત્રીશ્રી : શ્રી ભરતભાઇ જે. નિમાવત - વિસાવદર
મો.૯૯૭૮૨ ૩૧૩૫૧

સંપાદકશ્રી : શ્રી ડૉ.અશ્વિનભાઇ પી. રામાનુજ
મો.૯૪૨૬૨ ૨૮૦૯૮

સહસંપાદકશ્રી : શ્રી પ્રતાપભાઈ એલ.દેવમુરારી - બાબરા
મો.૯૪૦૯૩ ૩૨૧૬૫

### : પ્રચાર મંત્રીશ્રીઓ :

મનહરભાઈ એન.દેવમુરારી - શિહોર મો.૯૯૨૫૯૩૭૫૧૫
રશ્મીનભાઈ સી.અગ્રાવત - સુરત મો.૯૦૯૯૮૪૬૨૦૮
સમીરભાઈ આઈ.લશ્કરી - ભાવનગર મો.૯૮૭૭૩૭૩૮૩૯

### : પેટા કાર્યાલય :

- **શ્રી ભાનુપ્રસાદ ડી.રામાનુજ - બોટાદ**
  વિશ્વપ્રેસ, એમ.ડી. સ્કૂલ સામે, અશોક વાટિકા સોસાયટી, પાળિયાદ રોડ, બોટાદ. મો.૯૯૭૪૦૫૩૬૫૩
- **શ્રી ડૉ.અશ્વિનભાઇ પી. રામાનુજ - પાલીતાણા**
  ૧૦, ગુ.હા.બોર્ડ કોલોની, ચિત્રકુટ, હવામહેલ રોડ, મું.પો.પાલીતાણા, જિ.ભાવનગર મો.૯૪૨૬૨૨૮૦૯૮
- **શ્રી અશોકભાઇ જે. રામાનુજ - સુરત**
  મુ.કામરેજ (સુરત) શ્રષ્ટી રેસીડેન્સી, બ્લોક નં.૧૬, મારૂતીનગરની બાજુમાં, કામરેજ ચાર રસ્તા, સુરત. મો.૯૪૦૮૫૨૮૭૪૭
- **શ્રી રઘુવીરભાઇ એમ. રામાનુજ - જોરાવરનગર**
  લાઇબ્રેરી પાસે, મું. જોરાવરનગર, જિ.સુરેન્દ્રનગર - ૩૬૩૦૦૨ મો.૯૬૬૨૫૪૫૦૫૬
- **શ્રી ઘનશ્યામભાઈ આર.નિમાવત - મોરબી**
  ઋષભનગર ૩ પ્લોટ નં.૬૫,ચબુતરા પાસે,મોરબી મો.૯૯૨૫૫ ૬૫૮૫૬

**પત્ર વ્યવહારનું સરનામું :- રામભક્ત કાર્યાલય, શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલય, ઉતાવળા હનુમાનજીની જગ્યા પાસે, મહાકાળી ચોક, હાથસણી રોડ, મું.પો.સાવરકુંડલા. જી.અમરેલી - ૩૬૪૫૧૫. મો.નં. : ૬૩૫૩૮૯૦૧૯૬, ૦૨૮૪૫-૨૯૯૩૦૦**

9409851251

E-mail : rambhakt.svkd@gmail.com

લવાજમ દરો...
ભારતમાં વાર્ષિક રૂા.૩૦૦/- મુદતી ૧૦ વર્ષ રૂા.૨૫૦૦/- છુટક કિંમત રૂા.૩૦/-
કુરીયર સેવા - ચાર્જ : સૌરાષ્ટ્ર / ગુજરાત : ૨૦૦/- વાર્ષિક
કુરીયર ચાર્જ : અન્ય રાજ્યમાં : ૩૦૦/- વાર્ષિક

**સંસ્થાને 80-G હેઠળ કરમુક્તી મળેલ છે.**
80G No. : AAFTS4033AF20224

## બેન્ક એકાઉન્ટમાં નાણા જમા કરાવવા બાબત

શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યાછાત્રાલય અને **રામભક્ત** મુખપત્ર માટે લવાજમ ભેટ, તિથીદાન કે કોઈપણ પ્રકારની ભેટ મોકલવા માટે બેન્કનો ઓનલાઈન ઉપયોગ કરી કોઈપણ પ્રકારના ચાર્જ વગર આપના નાણા સીધ્ધા બેન્કમાંજમા કરાવવા માટે **ભા.કિ.કો. બેન્ક** અથવા **એસ.બી.આઇ. બેન્ક** ની કોઈપણ શાખામાં **શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ**ના નામે નીચેના ખાતા માં જમા કરાવવા.


| | | |
|---|---|---|
| ૧. ભાવનગર ડીસ્ટ્રીક્ટ કો.ઓ. બેન્ક - સાવરકુંડલા | ખાતા નં. : ૬૧૦૦૦૩૦૧૨૧૭૫ | IFSC : GSCB0BVN003 |
| ૨. એસ.બી.આઇ. બેન્ક - સાવરકુંડલા | ખાતા નં. : ૬૬૦૧૫૯૩૫૦૮૫ | IFSC : SBIN0060013 |

**બેંકમાં નાણા જમા કરાવી - WhatsApp No. 94098 51251 પર જાણ કરો.**



જ્ઞાન થી શબ્દ સમજાય અને અનુભવ થી અર્થ.

# તંત્રીની કલમે.....



## આત્મીય જ્ઞાતિબંધુ એવં વાચક વર્ગ.....
## નમસ્કાર સહ સૌને જય સિયારામ સાથ

यो मामेवमसम्मढो ज्ञानानि पुरुषोत्तम ।
स सर्वविद्यातिमां सर्वभविन भारत ॥

ભાગવત ગીતામાં કહે છે. પુરુષોત્તમ માસ મારો માસ છે. તો વૈશાખી વાયરા પછી દર ત્રણ વર્ષે આવતો **"અધિક માસ"** આ વર્ષે જેઠ માસમાં અધિક માસ આવેલ છે. અમુક લોકોની નાસમજને લીધે અધિકમાસ તેમજ તિથી ની વધ ઘટ ને હિન્દુ ધર્મની ખામી ગણાવે છે. અથવા અધિકમાસ ને મળમુત્રનો માસ તરીકે પણ ઓળખાવે છે. તો હકિકત શું છે તે આપણે નિચેની વિગતથી આ સનાતન સત્યને સમજીએ.

ભારતીય પંચાગમાં અધિક માસની ગોઠવણ એક વિશિષ્ટ સમજ અને સૈધ્ધાંતિક ગણતરી નું ઉત્તમ ઉદાહરણ છે. આ આપણા ઋષિ-મુનિઓની દેન છે. તો ખગોળ ગણતરી મુજબ વર્ષના ૧૨ મહિના સૂર્ય-ચંદ્રની ગતિ સ્થિતિ મુજબ હોય છે. ગુજરાત -મહારાષ્ટ્ર વિ. પ્રાંત માં એક અમાસ થી બીજી અમાસ સુધી **"સૌરમાસ"** ગણાય છે. જ્યારે ઉત્તર ભારત - મારવાડ વિ. પ્રાંતમાં **"ચંદ્ર માસ"** ગણાય છે. તો ચંદ્રમાસની લંબાઈ **૩૫૪ દિવસ ૮ કલાક ૪૮ મિનિટ અને ૨૪ સેકેન્ડ** જેટલી છે. જ્યારે સૂર્ય ના નિશ્ચિત ભ્રમણ આધારિત **"સૌર વર્ષ"**ની લંબાઈ **૩૬૫ દિવસ ૬ કલાક ૯ મિનિટ અને ૯ સેકેન્ડ** જેટલી છે. આમ "ચંદ્ર વર્ષ" નાનું છે જ્યારે "સૂર્ય વર્ષ" મોટું છે. ગણિતની રીતે જોઈએ તો આ બન્ને વર્તમાન વચ્ચે દર મહિને **૧૦ દિવસ ૨૧ કલાક ૨૦ મિનિટ અને ૪૫ સેકેન્ડ** નો તફાવત પડે છે. તો આ તફાવત એક વર્ષના અંતે ૧૧ દિવસ બીજા વર્ષે ૨૨ દિવસ અને ત્રીજા વર્ષે ૩૩ દિવસ જેટલો તફાવત થઈ જાય છે. હવે જો આમ જ ચાલયા કરે તો આ તફાવતના હિસાબે આપણા હિન્દુ ધર્મના દરેક તહેવારો-વ્રતો દર વર્ષે **૧૧ દિવસ ખસતા** જાય તો કૃષ્ણ જન્માષ્ટમી શ્રાવણને બદલે ભાદરવો કે આસો કે કારતક - માગશર કે ચૈત્ર - વૈશાખમાં આવે તેવી જ રીતે "રામ નવમી" ચૈત્ર ને બદલે જેઠ, અષાઢ,શ્રાવણ- આસો માં આવે તેવી રીતે "નવરાત્રી" આસો ને બદલે જેઠ, અષાઢ, શ્રાવણ કે અન્ય માસમાં ફરતા ખસતા જાય માટે જ આવું ન બને તે માટે દર ત્રણ વર્ષે એક વધારાનો માસ વધારીને તહેવારોનો તાલ મેળ જળવાઈ રહે તે હેતુ થી જ **"અધિક માસ" કે પુરુષોત્તમ માસ**ની ગોઠવણી કરેલ છે.

આ આપણા ખગોળ શાસ્ત્રનો એક ઉત્તમ નમુનો છે જે જગત ના વિખ્યાત વૈજ્ઞાનિક શ્રી વી.વી. રામન ના મત મુજબ ખગોળ વિદ્યા એક ભારત નો પરંપરાગત સાંસ્કૃતિક વારસો છે. આપણા ઋષિ-મુનિઓ ની દેન છે. આજથી ૧૦૦ વર્ષમાં સૂર્ય-ચંદ્ર ગ્રણ ક્યારે અને કેટલા સમયે થશે તે ચોક્કસ જાણી શકાય છે. તેવી જ રીતે હવે પછી અધિક માસ વિ.સં. ૨૦૮૫ માં ચૈત્રમાં અધિક માસ આવશે અને ૨૦૮૭ ની સાલમાં ભાદરવા માં અધિક માસ આવશે. અધિક માસની પણ આવતાં ૧૦૦ વર્ષોની ગોઠવણી કરેલ છે.(જેમ અંગ્રેજીમાં બીજો મહિનો લિપયર) તો આજના ૨૦-૨૧ મી સદીના યુવા વર્ગોને અંગ્રેજી તારીખ-માસ યાદ રહે છે. ગુજરાતી વિક્રમ સવંત ના માસ, વર્ષ અને અમાસ,પુર્ણિમાં વિષેનું લેશન લેવું તે દરેક વડીલોની પવિત્ર ફરજ છે. જેથી ભારતીય સંસ્કૃતિકા ભૂલાય નહી.

ખેર ! શાસ્ત્રોમાં કહેવાયું છે કે, પુરષોત્તમ માસમાં વૃત,ઉપાસના,દાન,ત્યાગ, અને ચિંતન કરવાથી મનુષ્યના પાપ કર્મો નાશ પામીને અનેક ગણું પૂણ્ય પ્રાપ્ત થાય છે.આ માસમાં કથા-વાર્તા,ધર્મિક તીર્થ સ્થળોમા સ્નાન દેવ દર્શન કરવાથી પૂણ્ય બંધાયછે.ખાસ કરીને તમામ માંગલીક કાર્યો વર્જિત માનવામાં આવે છે, જ્યારે ધર્મ કાર્ય માટે ખૂબ જ ફળદાયક ગણાય છે. જેથી જેટલું થઈ શકે તેટલું ધર્મ કાર્ય જરૂરથી કરવું.

છેલ્લે :- **જે તમારી સામે તમારા કાર્યોની પ્રસંસા કરે અને તમારી પીઠ પાછળ તમારી ટીકા કરી તમારું કાર્ય બગાડે તે સામેની વ્યક્તિને બેવકુફ, અક્કલ વગરની ગણી પોતાની જાતને બુધ્ધીશાળી સાબિત કરતાં હોય છે તેવા ટીકા ખોરથી દૂર રહેવું.**

**તંત્રી**



# :: સંસ્થા સમાચાર ::

## છાત્રાબાળાઓને દાતાશ્રી તરફથી અપાયેલ મિષ્ટભોજન તિથી અંતર્ગત અપાયેલ ભોજનની યાદી

તા.૨૦/૩/૨૦૨૬ થી તા.૨૧/૦૪/૨૦૨૬ સુધી ● ચૈત્ર સુદ-૧ થી વૈશાખ સુદ-૫ સુધી

**અહેવાલ લેખનઃ હિતેશભાઈ ડી.કુબાવત સહમંત્રી રાજ્ય મંડળ**

### રૂા.૧૧,૧૧૧/- મિષ્ટભોજન અંતર્ગત



**(ચૈત્ર સુદ-૧)**

હળવદ નિવાસી સ્વ.શ્રી **ઈશ્વરદાસ ગોવિંદરામ વૈષ્ણવ** ની પુણ્યતિથી નિમિત્તે મિષ્ટભોજન યોજના અંતર્ગત છાત્રબાળાઓને મિષ્ટભોજન આપવામાં આવ્યું.છાત્રબાળાઓ દ્વારા શ્રધ્ધાંજલી આપવામાં આવી. હસ્તેઃ- પ્રદ્યુમનભાઈ ઈશ્વરદાસ વૈષ્ણવ, પ્રકાશભાઈ ઈશ્વરદાસ વૈષ્ણવ, પ્રે.શારદાબેન આદીત્યરાય રામાનુજ

મિષ્ટાન મેનુ (બપોર) :- રવાનો શીરો, ફરસાણ, રોટલી, કઢી, ભાત, પાપડ

### રૂા.૧૧,૧૧૧/- મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત



**(ચૈત્ર સુદ-૧ શુક્રવાર, તા-૨૦/૦૩/૨૦૨૬)**

બાબરા નિવાસી **આસોપાલવ ફાર્મ શ્રી બજરંગદાસ ભવનમાં ધ્વજારોહણ તેમજ સત્યનારાયણ કથા નિમિત્તે** છાત્રબાળાઓને સવારે નાસ્તો આપવામાં આવ્યો.છાત્રબાળાઓ દ્વારા શુભેચ્છાઓ આપવામાં આવી...હસ્તે :- ફાર્મ :- ડો.રૂગનાથભાઈ જે.કુબાવત

મિષ્ટાન મેનુ (સાંજે) :- ચુરમાના લાડવા, ખમણ, રોટલી, દાળ-ભાત, શાક, પાપડ, સંભાર

### રૂા.૧૧,૧૧૧/- મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત



**(ચૈત્ર સુદ-૧ શુક્રવાર, તા-૨૦/૦૩/૨૦૨૬)**

રાજકોટ નિવાસી **અમૃતલાલ વિઠ્ઠલદાસ રામાવત** ની...પુણ્યતિથિ નિમિત્તે મિષ્ટભોજન યોજના અંતર્ગત છાત્રબાળાઓને મિષ્ટભોજન આપવામાં આવ્યુ.છાત્રબાળાઓ દ્વારા શ્રદ્ધાંજલી...આપવામાં આવી. હસ્તે :- દીવ્યાબેન (શોભનાબેન), જયંતિલાલ રામાવત

મિષ્ટાન મેનુ (બપોરે) :- શીખંડ - પુરી, ફરસાણ, રોટલી, દાળ - ભાત, શાક, પાપડ, છાશ, સંભાર

### રૂા.૩૦,૨૨૨/- મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત





**(ચૈત્ર સુદ - ૩, શનિવાર - તા.૨૧/૦૩/૨૦૨૬)**

વિસાવદર નિવાસી **સ્વ.શ્રી વિજ્યાબેન ધીરજલાલ અગ્રાવત તથા સ્વ.ધીરજલાલ વિઠ્ઠલદાસજી અગ્રાવત** ની પુણ્યતિથિ નિમિતે મિષ્ટભોજન યોજના અંતર્ગત છાત્રબાળાઓને મિષ્ટભોજન આપવામાં આવ્યું. છાત્રબાળાઓ દ્વારા શ્રધ્ધાંજલી આપવામાં આવી. હસ્તેઃ- ડો.સુભાષભાઈ ડી.અગ્રાવત(અમદાવાદ) ડો.અવિનાશભાઈ ડી.અગ્રાવત(જામનગર), ડો.સમીરભાઈ ડી.અગ્રાવત(અમદાવાદ)

મિષ્ટાન મેનુ (બપોર) :ટોપરાપાક, ફરસાણ, રોટલી, દાળ-ભાત, શાક, સંભારો, પાપડ, છાશ.

### રૂા.૧૫,૧૧૧/- મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત



**(ચૈત્ર સુદ-૩, શનિવાર - તા.૨૧-૦૩-૨૬)**

ધુમાસણ નિવાસી **સ્વ.શ્રી કમળાબેન બંસીદાસજી સાધૂ** ની પુણ્યતિથિ નિમિતે મિષ્ટભોજન યોજનાઅંતર્ગત છાત્રબાળાઓને મિષ્ટભોજન આપવામાં આવ્યું.છાત્રબાળાઓ દ્વારા શ્રધ્ધાંજલી... આપવામાં આવી. હસ્તે :- ડો.બલદેવભાઈ બંસીદાસજી સાધૂ, શ્રીમતિ ચંદ્રિકાબેન બી.સાધૂ, દર્શનભાઈ બલદેવભાઈ સાધૂ

મિષ્ટાનમેનુ (સાજે):- લાડું, ફરસાણ, રોટલી, દાળ-ભાત, શાક, પાપડ, સંભારો, છાશ.



ઉપદેશ કરતા અનુભવ માણસને વધારે ઘડે છે.

## રૂા.૧૧,૧૧૧/- મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત



**(ચૈત્ર સુદ-૩, શનિવાર - તા.૨૧-૦૩-૨૬)**

રાજકોટ નિવાસી **સ્વ.શ્રી શાંતિલાલ ગંગરામજી કુબાવત** ની પુણ્યતિથિ નિમિતે મિષ્ટભોજન યોજના અંતર્ગત છાત્રબાળાઓને મિષ્ટભોજન આપવામાં આવ્યું. છાત્રબાળાઓ દ્વારા શ્રધ્ધાંજલી... આપવામાં આવી.

હસ્તેઃ- ગં.સ્વ.પુષ્પાબેન શાંતિલાલ કુબાવત, રાજેશભાઈ શાંતિલાલ કુબાવત

મિષ્ટાન મેનુ (બપોરે):- ખીર - પુરી, બટેકાનું શાક, પાપડ

## રૂા.૧૧,૧૧૧/- મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત



**(ચૈત્ર સુદ - ૪, રવિવાર - તા.૨૨/૦૩/૨૦૨૬)**

સુરત નિવાસી **સ્વ.શ્રી હિરાબેન ચંદ્રકાન્તભાઈ નિમાવતની** પુણ્યતિથિ નિમતે મિષ્ટભોજન યોજના અંતર્ગત છાત્રબાળાઓને મિષ્ટભોજન આપવામાં આવ્યું. છાત્રબાળાઓ દ્વારા શ્રધ્ધાંજલી આપવામાં આવી. હસ્તે :-ચંદ્રકાન્તભાઈ છોટાલાલભાઈ નિમાવત

મિષ્ટાનમેનુ (સાંજે) :-ફાડા લાપશી, ફરસાણ, રોટલી, દાળ-ભાત, શાક, સંભારો, છાશ-પાપડ

સાંજે :- રગડા પુરી, પાણી પુરી (સંપૂર્ણ ખર્ચ વધારાનો મળેલ છે.)

## રૂા.૧૫,૧૧૧/- મિષ્ટભોજન મેરેજ-ડે અંતર્ગત




**(ચૈત્ર સુદ - ૪, રવિવાર - તા.૨૨/૦૩/૨૦૨૬)**

હળવદ નિવાસી **સ્વ.શ્રી મુક્તાબેન ચંદ્રકાન્તભાઈ વૈષ્ણવ** પુણ્યતિથિ નિમતે મિષ્ટભોજન યોજના અંતર્ગત છાત્રબાળાઓને મિષ્ટભોજન આપવામાં આવ્યું.છાત્રબાળાઓ દ્વારા શ્રધ્ધાંજલી આપવામાં આવી.હસ્તેઃ- ચંદ્રકાન્તભાઈ ઈશ્વરદાસભાઈ વૈષ્ણવ,પિયુષભાઈ(પુત્ર),રોશનીબેન(પુત્રવધુ)પ્રે.શારદાબેન આદીત્યરાયજી રામાનુજ

મિષ્ટાનમેનુ (બપોરે ) :-મોહનથાળ, ફરસાણ, રોટલી, દાળ-ભાત, શાક, પાપડ, છાશ, સંભારો

## રૂા.૧૧૧૧૧/- મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત



**(ચૈત્ર સુદ-૬, મંગળવાર - તા.૨૪/૦૩/૨૦૨૬)**

કોડીનાર નિવાસી **સ્વ.શ્રી હરેશભાઈ રાઘેલાલ વૈષ્ણવ** ની પૂણ્યતિથિ નિમિતે મિષ્ટભોજન યોજના અંતર્ગત છાત્રબાળાઓને મિષ્ટભોજન આપવામાં આવ્યું. છાત્રબાળાઓ દ્વારા શ્રધ્ધાંજલી... આપવામાં આવી.હસ્તે :- ગં.સ્વ.અનીતાબેન હરેશભાઈ વૈષ્ણવ

મિષ્ટામેનુ (બપોરે):- લાડવા, ફરસાણ, રોટલી, દાળ-ભાત, શાક, પાપડ, સંભારો, છાશ.

## રૂા.૧૧,૧૧૧/- મિષ્ટભોજન અંતર્ગત



**(ચૈત્ર સુદ-૮, ગુરૂવાર - તા.૨૬/૦૩/૨૦૨૬)**

ડીસા નિવાસી **સ્વ.શ્રી ભેરૂદાસજી લક્ષ્મણદાસજી રામાવત(કુબાવત)** ની પુણ્યતિથિ નિમિતે મિષ્ટભોજન યોજના અંતર્ગત છાત્રબાળાઓને મિષ્ટભોજન આપવામાં આવ્યું. છાત્રબાળાઓ દ્વારા શ્રધ્ધાંજલી આપવામાં આવી .હસ્તે :- ઓમપ્રકાશ ભેરવદાસજી રામાવત (કુબાવત)

મિષ્ટાન મેનુ (બપોરે):- સાબુદાણા, બટેકાની ખીચડી, ફરાળી ભુંગળા, સાબુદાણા ખીર

## રૂા.૧૧,૧૧૧/- મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત



**(ચૈત્ર સુદ-૮, ગુરૂવાર - તા.૨૬/૦૩/૨૦૨૬)**

સુરત નિવાસી **મગનલાલ પોપટદાસ દેવમુરારી** ની પુણ્યતિથિ નિમિતે મિષ્ટભોજન યોજના અંતર્ગત છાત્રબાળાઓને મિષ્ટભોજન આપવામાં આવ્યું.છાત્રબાળાઓ દ્વારા શ્રધ્ધાંજલી... આપવામાં આવી.

હસ્તે :-ભરતભાઈ મગનલાલ દેવમુરારી, સુધાંશું મગનલાલ દેવમુરારી

મિષ્ટાનમેનુ (સાંજ):- શીખંડ, ફરાળી પુરી, સૂકીભાજી



અસંભવ ફક્ત એ જ છે, જેની તમે શરૂઆત નથી કરી.

## રૂા.૧૧૧૧૧/- મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત




**(ચૈત્ર સુદ - ૯ શુક્રવાર - તા.૨૭/૦૩/૨૦૨૬)**

રાણાવાવ નિવાસી **શાંતાબેન નારાયણદાસજી દેવમોરારી** ની પુણ્યતિથિ નિમિતે મિષ્ટભોજન યોજના અંતર્ગત છાત્રબાળાઓને મિષ્ટભોજન આપવામાં આવ્યું. છાત્રબાળાઓ દ્વારા શ્રધ્ધાંજલી... આપવામાં આવી.

હસ્તે:- ધીરજલાલ એન.કુબાવત(જમાઈ), શ્રીમતી દયાબેન ધીરજલાલ(પુત્રી), શ્રીમતી મનીષાબેન દીનેશભાઈ

મિષ્ટાન મેનુ(સાંજે):- શીખંડ-પુરી, દાળ-ભાત, શાક, પાપડ, સંભારો

## રૂા.૧૧૧૧૧/- મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત



**(ચૈત્ર સુદ - ૯ શુક્રવાર - તા.૨૭/૦૩/૨૦૨૬)**

રાજકોટ નિવાસી **નરભેરામભાઈ માધવદાસજી રામાવત** ની પુણ્યતિથી નિમિતે મિષ્ટભોજન યોજના અંતર્ગત છાત્રબાળાઓને મિષ્ટભોજન આપવામાં આવ્યું. છાત્રબાળાઓ દ્વારા શ્રધધાંજલી આપવામાં આવી.

હસ્તે :- રીમાબેન જયંતીલાલ રામાવત, ડો.જયંતિલાલ માધવદાસજી રામાવત

મિષ્ટાનમેનુ (બપોરે) :- શેવ બરજ, દુધીનો હલવો, રોટલી, કઢી, ભાત , પાપડ

## રૂા.૧૧,૧૧૧/- મિષ્ટભોજન જન્મદિવસ અંતર્ગત



**(ચૈત્ર સુદ-૧૧ રવિવાર - તા.૨૯/૦૩/૨૦૨૬)**

શ્રીનાથગઢ નિવાસી **સ્વ.શ્રી ધીરજલાલ કેશવદાસજી જલાલજી** ની પુણ્યતિથિ નિમિતે મિષ્ટભોજન યોજના અંતર્ગત છાત્રબાળાઓને મિષ્ટભોજન આપવામાં આવ્યું. છાત્રબાળાઓ દ્વારા શ્રધ્ધાંજલી આપવામાં આવી.

હસ્તે :- ગં.સ્વ.રસીલાબેન ધીરજલાલ જલાલજી

મિષ્ટાનમેનુ (સાંજ) :- શીખંડ, રાજગરાની પુરી, શાક

## રૂા.૧૫,૧૧૧/- મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત



**(ચૈત્ર સુદ - ૧૪, બુધવાર - તા.૦૧/૦૪/૨૦૨૬)**

રાજકોટ નિવાસી સ્વ.શ્રી **મોહનદાસજી હિરાદાસજી નિમાવત** ની પુણ્યતિથિ નિમિતે મિષ્ટભોજન યોજના અંતર્ગત છાત્રબાળાઓને મિષ્ટભોજન આપવામાં આવ્યું. છાત્રબાળાઓ દ્વારા શ્રધ્ધાંજલી આપવામાં આવી.હસ્તે :- હરકિશનભાઈ મોહનદાસજી નિમાવત

મિષ્ટામેનુ(સાંજ):- રવાનો શિરો, ફરસાણ, રોટલી, દાળ-ભાત, શાક , સંભારો, પાપડ, છાશ

## રૂા.૧૧,૧૧૧/- મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત



**(ચૈત્ર સુદ - ૧૫, ગુરૂવાર - તા.૦૨/૦૪/૨૦૨૬)**

રાજકોટ નિવાસી સ્વ.શ્રી **ગીતાબેન ચુનિલાલ રામપ્રસાદી** ની પુણ્યતિથિ નિમિતે મિષ્ટભોજન યોજના અંતર્ગત છાત્રબાળાઓને મિષ્ટભોજન આપવામાં આવ્યું. છાત્રબાળાઓ દ્વારા શ્રધ્ધાંજલી આપવામાં આવી.હસ્તે :- ડો.ચુનિલાલ નાથલાલ રામપ્રસાદી, વિજયકુમાર મુનિલાલ રામપ્રસાદી

મિષ્ટાન મેનુ(સાંજ):- ટોપરાપાક, દુધીનો હલવો, રોટલી, કઢી-ભાત, શાક, પાપડ, સંભારો, છાશ

## રૂા.૧૧,૧૧૧/- મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત



**(ચૈત્ર સુદ - ૧૫, ગુરૂવાર - તા.૦૨/૦૪/૨૦૨૬)**

જેતપુર નિવાસી સ્વ.શ્રી **દિવાળીબેન ભાકેતરામજી અગ્રાવત** ની પુણ્યતિથિ નિમિતે મિષ્ટભોજન યોજના અંતર્ગત છાત્રબાળાઓને મિષ્ટભોજન આપવામાં આવ્યું.છાત્રબાળાઓ દ્વારા શ્રધ્ધાંજલી આપવામાં આવી. હસ્તે :- ચુનિલાલ ભક્તિરામજી અગ્રાવત

મિષ્ટાનમેનુ (સાંજ):-ટોપરાપાક, દુધીનો હલવો, રોટલી, કઢી-ભાત, શાક, પાપડ, સંભારો, છાશ.



મૌન અને એકાંત આત્માના સર્વ શ્રેષ્ઠ મિત્રો છે.

## રૂા. ૧૧,૧૧૧/- મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત



**(ચૈત્ર સુદ - ૧૫, ગુરૂવાર - તા.૦૨/૦૪/૨૦૨૬)**

અમદાવાદ નિવાસી સ્વ.શ્રી **સાધનાબેન ધર્મેન્દ્રભાઈ પીપાવત** ની પુણ્યતિથિ નિમિતે મિષ્ટભોજન યોજના અંતર્ગત છાત્રબાળાઓને મિષ્ટભોજન આપવામાં આવ્યું. છાત્રબાળાઓ દ્વારા શ્રધ્ધાંજલી આપવામાં આવી.

હસ્તે:- શ્રી ધર્મેન્દ્રભાઈ નાગરદાસજી પીપાવત ટ્રસ્ટી શ્રી ગુ.રા.સાધુ ઉ.મંડળ

મિષ્ટાન મેનુ(સાંજે):- ટોપરાપાક, દુધીનો હલવો, રોટલી, કઢી-ભાત, શાક, પાપડ, સંભારો, છાશ.

## રૂા. ૧૧,૧૧૧/- મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત




**(ચૈત્ર સુદ - ૧૫, ગુરૂવાર - તા.૦૨/૦૪/૨૦૨૬)**

રાજકોટ નિવાસી સ્વ.શ્રી **કંચનબેન ચંદ્રકાન્તભાઈ નિમાવત** ની પુણ્યતિથી નિમિતે મિષ્ટભોજન યોજના અંતર્ગત છાત્રબાળાઓને મિષ્ટભોજન આપવામાં આવ્યું. છાત્રબાળાઓ દ્વારા શ્રધ્ધાંજલી આપવામાં આવી.

હસ્તે :- ડૉ.મનીષભાઈ ચંદ્રકાન્તભાઈ નિમાવત

મિષ્ટાનમેનુ (બપોરે) :- લાડવા, મોહનથાળ, રોટલી, ભાત, કઢી, મરચા, પાપડ, છાશ

## રૂા.૧૧,૧૧૧/- મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત



**(ચૈત્ર સુદ - ૧૫ ગુરૂવાર - તા.૦૨/૦૪/૨૦૨૬)**

જુનાગઢ નિવાસી સ્વ.શ્રી **સાધુશ્રી ચંદ્રકાન્તભાઈ ભગવાનદાસજી દેવમુરારી** ની પુણ્યતિથિ નિમિતે મિષ્ટભોજન યોજના અંતર્ગત છાત્રબાળાઓને મિષ્ટભોજન આપવામાં આવ્યું. છાત્રબાળાઓ દ્વારા શ્રધ્ધાંજલી આપવામાં આવી.હસ્તે:-ગં.સ્વ.મંજુલાબેન ચંદ્રકાન્તભાઈ દેવમુરારી-જુનાગઢ, આનંદભાઈ અને આસુતોષભાઈ દેવમુરારી

મિષ્ટામેનુ(બપોરે):- મોહન થાળ, લાડવા , ફરસાણ, રોટલી, દાળ-ભાત, શાક , સંભારો, પાપડ, છાશ

## રૂા.૧૧,૧૧૧/- મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત



**(ચૈત્ર સુદ - ૧૫ ગુરૂવાર - તા.૦૨/૦૪/૨૦૨૬)**

ઓરણા નિવાસી સ્વ.શ્રી **નિરંજનભાઈ જીવણદાસજી મહંત** ની પુણ્યતિથિ નિમિતે મિષ્ટભોજન યોજના અંતર્ગત છાત્રબાળાઓને મિષ્ટભોજન આપવામાં આવ્યું. છાત્રબાળાઓ દ્વારા શ્રધ્ધાંજલી આપવામાં આવી.હસ્તે :- આરતીબેન નિરંજનભાઈ મહંત, ઉષાબેન નિરંજનભાઈ મહંત, કનિબેન દિપકભાઈ મહંત

મિષ્ટાન મેનુ(બપોરે):- મોહન થાળ, લાડવા , ફરસાણ, રોટલી, દાળ-ભાત, શાક , સંભારો, પાપડ, છાશ

## રૂા.૧૫,૧૧૧/- મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત



**(ચૈત્ર વદ - ૨ શનિવાર - તા.૦૪/૦૪/૨૦૨૬)**

વાકિયા-ભાડ નિવાસી સ્વ.શ્રી **અલ્પેશભાઈ વજેરામજી નિમાવત** ની પુણ્યતિથિ નિમિતે મિષ્ટભોજન યોજનાઅંતર્ગત છાત્રબાળાઓને મિષ્ટભોજન આપવામાં આવ્યું.છાત્રબાળાઓ દ્વારા શ્રધ્ધાંજલી આપવામાં આવી.

હસ્તે :- ગં.સ્વ.નયનાબેન અલ્પેશભાઈ નિમાવત, કુ.અદિતીબેન અલ્પેશભાઈ નિમાવત

મિષ્ટાનમેનુ (બપોર):-ખીર-પુરી,શાક,મરચા, પાપડ,ગુલાબજાંબુ

## રૂા. ૧૫,૧૧૧/- મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત



**(ચૈત્ર વદ - ૨ શનિવાર - તા.૦૪/૦૪/૨૦૨૬)**

અંજાર-કચ્છ નિવાસી સ્વ.શ્રી **જનકભાઈ મનોહરદાસજી આચાર્ય** ની પુણ્યતિથિ નિમિતે મિષ્ટભોજન યોજના અંતર્ગત છાત્રબાળાઓને મિષ્ટભોજન આપવામાં આવ્યું. છાત્રબાળાઓ દ્વારા શ્રધ્ધાંજલી આપવામાં આવી.

હસ્તે:- આશાબેન ભરતદાસજી વૈષ્ણવ

મિષ્ટાન મેનુ(બપોર):-ખીર, ગુલાબજાંબુ, પુરી, શાક,મરચા, પાપડ



કર્મ ક્યારેય સરનામું ભુલતું નથી.

## રૂા. ૧૧,૧૧૧/- મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત



**(ચૈત્ર વદ - ૪ સોમવાર - તા.૦૬/૦૪/૨૦૨૬)**

મુંબઈ નિવાસી સ્વ.શ્રી **માણેકબેન પ્રભુદાસજી નિમાવત** ની પુણ્યતિથી નિમિતે મિષ્ટભોજન યોજના અંતર્ગત છાત્રબાળાઓને મિષ્ટભોજન આપવામાં આવ્યું. છાત્રબાળાઓ દ્વારા શ્રધ્ધાંજલી આપવામાં આવી.

હસ્તે :- **C.A.** વસંતભાઈ પી.નિમાવત

મિષ્ટાનમેનુ (સાંજે) :- છુટી ગુંદી, ફરસાણ, રોટલી, દાળ-ભાત,શાક, સંભારો, પાપડ, છાશ

## રૂા.૧૧,૧૧૧/- મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત



**(ચૈત્ર સુદ - ૫ મંગળવાર - તા.૦૭/૦૪/૨૦૨૬)**

કોવાયા નિવાસી સ્વ.શ્રી **સુમરીબેન મીઠાભાઈ લાખણોત્રા** ની પુણ્યતિથિ નિમિતે મિષ્ટભોજન યોજના અંતર્ગત છાત્રબાળાઓને મિષ્ટભોજન આપવામાં આવ્યું. છાત્રબાળાઓ દ્વારા શ્રધ્ધાંજલી આપવામાં આવી.હસ્તે:-મીઠાભાઈ સાર્દુલભાઈ લાખણોત્રા, શ્રીમતિ જહુબેન મીઠાભાઈ લાખણોત્રા

મિષ્ટામેનુ(સાંજે):- ફ્રુટ સલાર્ડ, ખમણ, રોટલી, દાઈ-ભાત, શાક, પાપડ છાશ, સંભારો

## રૂા.૧૧,૧૧૧/- મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત




**(ચૈત્ર સુદ - ૫ મંગળવાર - તા.૦૭/૦૪/૨૦૨૬)**

માંગરોળ નિવાસી સ્વ.શ્રી **શાંતાબેન મનસુખલાલ નિમ્બાર્ક** ની પુણ્યતિથિ નિમિતે મિષ્ટભોજન યોજના અંતર્ગત છાત્રબાળાઓને મિષ્ટભોજન આપવામાં આવ્યું. છાત્રબાળાઓ દ્વારા શ્રધ્ધાંજલી આપવામાં આવી.હસ્તે :- પ્રદિપભાઈ મનસુખભાઈ નિમ્બાર્ક

મિષ્ટાન મેનુ(સાંજે):- દુધીનો હલવો, ફરસાણ, રોટલી, દાળ-ભાત, શાક, પાપડ, સંભારો, છાશ

## રૂા.૧૧,૧૧૧/- મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત



**(ચૈત્ર વદ-૮ શુક્રવાર - તા.૧૦/૦૪/૨૦૨૬)**

રાજકોટ નિવાસી સ્વ.શ્રી **નાનાલાલ અમરદાસજી નિમાવત** ની પુણ્યતિથિ નિમિતે મિષ્ટભોજન યોજનાઅંતર્ગત છાત્રબાળાઓને મિષ્ટભોજન આપવામાં આવ્યું.છાત્રબાળાઓ દ્વારા શ્રધ્ધાંજલી આપવામાં આવી.

હસ્તે :- શ્રીમતી હંસાબેન નાનાલાલજી નિમાવત(પુત્રી), મહિપતભાઈ મણીરામજી નિમાવત(જમાઈ)

મિષ્ટાનમેનુ (સાંજ):- લાડવા,ગાંઠીયા, રોટલી , દાળ-ભાત, શાક, પાપડ, છાશ, સંભારો

## રૂા.૧૫,૧૧૧/- મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત



**(ચૈત્ર વદ-૧૦ રવિવાર - તા.૧૨/૦૪/૨૦૨૬)**

જોરાવર-નગર નિવાસી સ્વ.શ્રી **ભાગુબા(ભાગીરથીબેન)મણીરામજી રામાનુજ** ની પુણ્યતિથિ નિમિતે મિષ્ટભોજન યોજના અંતર્ગત છાત્રબાળાઓને મિષ્ટભોજન આપવામાં આવ્યું. છાત્રબાળાઓ દ્વારા શ્રધ્ધાંજલી આપવામાં આવી. હસ્તે:- રધુવિરભાઈ એમ.રામાનુજ, શ્રીમતી સુધાબેન રધુવિરભાઈ રામાનુજ

મિષ્ટાન મેનુ(સાંજ):- લાડવા,ગાંઠીયા, રોટલી , દાળ-ભાત, શાક, પાપડ, છાશ, સંભારો

## રૂા.૧૧,૧૧૧/- મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત



**(ચૈત્ર વદ-(અમાસ) શુક્રવાર - તા.૧૭/૦૪/૨૦૨૬)**

ચલાળા નિવાસી સ્વ.શ્રી **ઉષાબેન ગોરધનદાસજી અગ્રવત** ની પુણ્યતિથી નિમિતે મિષ્ટભોજન યોજના અંતર્ગત છાત્રબાળાઓને મિષ્ટભોજન આપવામાં આવ્યું. છાત્રબાળાઓ દ્વારા શ્રધ્ધાંજલી આપવામાં આવી.

હસ્તે :- ગોરધનદાસજી આત્મારામજી અગ્રાવત તથા પુત્રો

મિષ્ટાનમેનુ (સાંજે) :-મોહનથાળ,ટોપરાપાક,ઉંધીયુ,રોટલી,દાળ-ભાત,શાક,પાપડ,છાશ,મરચા



સંસ્કાર વગરની સંપત્તી સર્વ નાશ કરે છે.

## રૂા.૧૧,૧૧૧/- મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત



**(ચૈત્ર વદ-(અમાસ) શુક્રવાર - તા.૧૭/૦૪/૨૦૨૬)**

રાજકોટ નિવાસી સ્વ.શ્રી **માધવદાસ પુરષોત્તમદાસજી રામાવત** ની પુણ્યતિથિ નિમિતે મિષ્ટભોજન યોજના અંતર્ગત છાત્રબાળાઓને મિષ્ટભોજન આપવામાં આવ્યું. છાત્રબાળાઓ દ્વારા શ્રધ્ધાંજલી આપવામાં આવી.હસ્તે:-ડો.જયંતિલાલ માધવદાસજી રામાવત, શ્રીમતી શોભનાબેન જે.રામાવત

મિષ્ટામેનુ(બપોરે):-મીઠાઈ, ફરસાણ, દાળ-ભાત, શાક, સંભારો, રોટલી, છાશ, પાપડ

## રૂા.૧૧,૧૧૧/- મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત



**(વૈશાખ સુદ - ૧, શનિવાર - તા.૧૮/૦૪/૨૦૨૬)**

અમદાવાદ નિવાસી સ્વ.શ્રી **સા.વા.અ.સૌ. શ્રીમતિ ભારતીબેન ઈન્દુકુમાર વૈષ્ણવ** ની પુણ્યતિથિ નિમિતે મિષ્ટભોજન યોજના અંતર્ગત છાત્રબાળાઓને મિષ્ટભોજન આપવામાં આવ્યું. છાત્રબાળાઓ દ્વારા શ્રધ્ધાંજલી આપવામાં આવી.હસ્તે :- ડો.ઈન્દુકુમાર છોટાલાલ વૈષ્ણવ, બ્રિજેશકુમાર ઈન્દુકુમાર વૈષ્ણવ

મિષ્ટાન મેનુ(બપોરે/સાંજે):- છુટી ગુંદી, ગાઠીયા, રોટલી, દાળ-ભાત, શાક, પાપડ, સંભારો, છાશ.

## રૂા.૧૧,૧૧૧/- મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત



**(વૈશાખ સુદ - ૨ રવિવાર - તા.૧૯/૦૪/૨૦૨૬)**

પચ્છેગામ(બોટાદ) નિવાસી સ્વ.શ્રી **બજરંગદાસબાપુ ગુરૂશ્રી દયારામબાપુ ખોજીજી(રામાનુજ)** ની પુણ્યતિથિ નિમિતે મિષ્ટભોજન યોજનાઅંતર્ગત છાત્રબાળાઓને મિષ્ટભોજન આપવામાં આવ્યું.છાત્રબાળાઓ દ્વારા શ્રધ્ધાંજલી આપવામાં આવી. હસ્તે:- ભાનુબાપુ દયારામબાપુ(ખોજીજી)રામાનુજ, મહંતશ્રી વિપુલબાપુ ગુરૂશ્રી બજરંગદાસબાપુ પચ્છેગામ

મિષ્ટાનમેનુ (બપોરે/સાંજે):- ફાડાલાપસી, ખમણ, રોટલી, દાળ-ભાત, શાક, સંભારો, પાપડ, છાશ

## રૂા. ૧૧,૧૧૧/- મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત



**(વૈશાખ સુદ - ૩ સોમવાર - તા.૨૦/૦૪/૨૦૨૬)**

રાજકોટ નિવાસી સ્વ.શ્રી **ભરતભાઈ મંછારામજી અગ્રાવત** ની પુણ્યતિથિ નિમિતે મિષ્ટભોજન યોજના અંતર્ગત છાત્રબાળાઓને મિષ્ટભોજન આપવામાં આવ્યું. છાત્રબાળાઓ દ્વારા શ્રધ્ધાંજલી આપવામાં આવી.

હસ્તે:- ચેતનદાસજી ભરતદાસજી અગ્રાવત, મુક્તાબેન મંછારામજી અગ્રાવત

મિષ્ટાન મેનુ(બપોરે/સાંજે):- લાડવા, ગાંઠીયા, રોટલી, દાળ-ભાત, શાક, પાપડ, છાશ, સંભારો

## રૂા. ૧૧,૧૧૧/- મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત



**(વૈશાખ સુદ - ૫ મંગળવાર - તા.૨૧/૦૪/૨૦૨૬)**

અમદાવાદ નિવાસી સ્વ.શ્રી **કલ્પકાંતભાઈ છબીલદાસજી રામાનુજ**ની પુણ્યતિથી નિમિતે મિષ્ટભોજન યોજના અંતર્ગત છાત્રબાળાઓને મિષ્ટભોજન આપવામાં આવ્યું. છાત્રબાળાઓ દ્વારા શ્રધ્ધાંજલી આપવામાં આવી. હસ્તે :- નલીનીબેન કે રામાનુજ-અમદાવાદ, દેવહુતીબેન સી વૈષ્ણવ-લંડન, મેધનાબેન-વિરાજબેન-માનસીબેન, ચેતનદાસભાઈ

મિષ્ટાનમેનુ (બપોરે/સાંજે) :- ચુરમાના લાડું, ખમણ, રોટલી, દાળ-ભાત, શાક, પાપડ, સંભારો

## રૂા.૧૫,૧૧૧/- મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત



**(વૈશાખ સુદ - ૫ મંગળવાર - તા.૨૧/૦૪/૨૦૨૬)**

અમદાવાદ નિવાસી સ્વ.શ્રી **છોટાલાલ જમનાદાસજી વૈષ્ણવ** ની પુણ્યતિથિ નિમિતે મિષ્ટભોજન યોજના અંતર્ગત છાત્રબાળાઓને મિષ્ટભોજન આપવામાં આવ્યું. છાત્રબાળાઓ દ્વારા શ્રધ્ધાંજલી આપવામાં આવી.હસ્તે:- કાંતિલાલ છોટાલાલજી વૈષ્ણવ, પુત્રો-પુત્રી તથા પરીવાર

મિષ્ટામેનુ(બપોરે/સાંજે):- ચુરમાંના લાડું, ખમણ, રોટલી, દાળ-ભાત, શાક, સંભારો, છાશ, પાપડ

## એક દિવસીય મિષ્ટભોજન અંતર્ગત

**(વૈશાખ સુદ - ૩, સોમવાર - ૨૦/૦૪/૨૦૨૬ )**



નિવાસી સ્વ.શ્રી **સવિતાબેન ખોડીદાસ મહેતા** ની પુણ્યતિથિ નિમિતે મિષ્ટભોજન યોજના અંતર્ગત છાત્રબાળાઓને મિષ્ટભોજન આપવામાં આવ્યું. છાત્રબાળાઓ દ્વારા શ્રધ્ધાંજલી આપવામાં આવી.

હસ્તે :- ખોડીદાસભાઈ મહેતા, દરેક બાળાને રૂ/-૫ દક્ષિણા આપવામાં આવી

મિષ્ટાન મેનુ(બપોરે/સાંજે):- શીખંડ, રોટલી, શાક, પાપડ, કઠી, ભાત, સંભારો

**" રામભક્ત મુખપત્ર - આજીવન ગ્રાહકોને જૂન-૨૦૨૫ થી અંક બંધ કરવામાં આવેલ છે."**

શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળનું મુખ પત્ર પ્રથમ હતુ "રામદુત" ત્યાર બાદ "રામભક્ત" મુખપત્ર દર માસે પ્રસિદ્ધ થાય છે. **મંડળની કારોબારી મીટીંગ ૨૧-૦૪-૨૦૨૪ ના રોજ યોજાયેલ જેમાં એજન્ડા નં.-૪ ના ઠરાવ મુજબ.** રામદુત તા.૧-૦૪-૧૯૭૯થી શરૂ થયેલ. જેમાં આજીવન લવાજમ રૂ/-૧૦૦ તથા રૂ/-૧૫૧, રૂ/-૪૦૦, રૂ/-૬૦૦ તથા રૂ/-૧૦૦૦ એમ ગ્રાહકો બનેલ. તમામ ગ્રાહકોને ૪૦ વર્ષથી રામભકત મોકલવામાં આવે છે. વચ્ચે રૂ/-૨૫૦ મુજબ સહાયક ફંડ પણ લીધેલ પરંતુ ૨૦% ગ્રાહકોજ સહાયક ફંડ આપેલ જેના કારણે છેલ્લા ૨૦૧૪ થી ફરી પાછા ૧૧વર્ષ વધુ સને.૨૦૨૫ સુધી આ યોજનાના ગ્રાહકોને રામભકત અંક મોકલેલ છે.

આજીવન યોજના ૨૦૧૪ થી જ બંધ કરી મુદતી(૧૦ વર્ષ) યોજના શરૂ કરેલ છે. જેનું લવાજમ. રૂ/-૨૫૦૦ (દસ વર્ષ માટે છે.) પરંતુ આપણા આજીવન ગ્રાહકોને રૂ/-૫૦૦નું ડિસ્કાઉન્ટ આપી રૂ/-૨૦૦૦માં મુદતી લવાજમ દસ વર્ષ માટે સ્વીકારવામાં આવે છે.

તો તમામ આજીવન ગ્રાહકોએ રૂ/-૨૦૦૦ ભરીને મુદતી લવાજમ ભરી આપવા વિનંતી. ૪૦ વર્ષ ઉપરાંત જુના ગ્રાહકોને આ યોજનાનો લાભ આપેલ છે. પરંતુ મોંઘવારીનાં ભારણને પહોંચી શકાય તેમ નાં હોય તો સહકાર આપવા વિનંતી. આ યોજના જૂન માસ સુધી લંબાવેલ છે. તો જુન આખર સુધીમાં

"આજીવન ગ્રાહક માંથી મુદતી યોજનામાં જોડાવ..." રૂા.૫૦૦ ના લાભ સાથે લવાજમ રૂા.૨૦૦૦ ભરી આપશો

**લી. શ્રી ગુજરાત રામનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ - સા.કુંડલા**

**લવાજમ દરો...**

ભારતમાં વાર્ષિક રૂા.૩૦૦/- મુદતી ૧૦ વર્ષ રૂા.૨૫૦૦/- છુટક કિંમત રૂા.૩૦/-

કુરીયર સેવા - ચાર્જ : સૌરાષ્ટ્ર / ગુજરાત : ૨૦૦/- વાર્ષિક

કુરીયર ચાર્જ : અન્ય રાજ્યમાં : ૩૦૦/- વાર્ષિક

**સંસ્થાને 80-G હેઠળ કરમુકતી મળેલ છે.**

80G No. : AAFTS4033A25AT01 - AAFTS4033A25AT02

## શ્રધ્ધાંજલી



સ્વ.ભક્તિરામબાપુ.જાનકીદાસ.નિમાવત. મુકામ :- વિસાવદર.જી.જૂનાગઢ.નું તા.૩૦/૦૪/૨૬ નાં રોજ સાકેતગમન થયેલ છે.તેઓ અશ્વિનભાઈ અને જયેશભાઈ નાં પિતાશ્રી થાય.તેમજ હિંમતભાઈ અને ભરતભાઈ ( સહતંત્રી શ્રી રામભક્ત ) નાં મોટાભાઈ થાય. તેમના પરિવાર સાથે સમગ્ર રામાનંદી સમાજ ઊંડા દુઃખ ની લાગણી અનુભવી રહ્યા છે..પરમ કૃપાળુ પરમાત્મા તેમના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના દિવંગત સ્વ. ભક્તિરામ બાપુ ના દિવ્ય આત્મા ને પરમ કૃપાળુ પરમાત્મા શાંતિ આપે અને પરિવાર પર આવેલ દુઃખને સહન કરવાની શક્તિ આપે તેવી શ્રી રાઘવેન્દ્ર સરકારને અને શ્રી બજરંગદાસ બાપા ના ચરણો માં પ્રાર્થના.

શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ સાવરકુંડલા સદગત આત્માને શ્રદ્ધાંજલિ પાઠવે છે.

## શ્રધ્ધાંજલી



સાવરકુંડલા નિવાસી સુનિલભાઈ દેવમુરારી , પંકજભાઈ દેવમુરારી, નરેશભાઈ દેવમુરારી ના માતૃશ્રી સ્વ કંચનબેન ભક્તિ રામભાઈ દેવમુરારી નું આજે ૦૧/૦૫/૨૦૨૬ ના રોજ દુઃખદ અવસાન થયેલ છે તેમના પરિવાર પર આવેલી આ દુઃખ ઘડીએ ભગવાન રાઘવેન્દ્ર સરકાર નુકસાન કરવાની શક્તિ આપે સદગત આત્માને પ્રભુ તેમાં એમ તેમના ચરણોમાં વાસ આપે તેવી પ્રાર્થના સાથે હાર્દિક શ્રદ્ધાંજલિ જય સીયારામ

શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ સાવરકુંડલા સદગત આત્માને શ્રદ્ધાંજલિ પાઠવે છે.


**રામાનંદી સાધુ સમાજની ગૌરવગાથાને વર્ણવતું મુખપત્ર એટલે...**

**જ્યાં વસે રામાનંદી ત્યાં હશે, રામભક્ત**



ઉપદેશ કરતા અનુભવ માણસને વધારે ઘડે છે.

# હનુમાન જયંતિ ઉત્સવ



જય સીતારામ સાથે તા. ૨/૦૪/૨૦૨૬ ને ગુરૂવાર ના રોજ હનુમાન જયંતિ પ્રસંગ હોઈ, વહેલી સવારે ૪-૪૫ કલાકે શ્રી હનુમાનજી નું પ્રાગટય છે. તેથી સવારના હનુમાન ચાલીસાના પાઠ-સુંદરકાંડનું અમો એ અમારી વધતી ન્જતી ઉંમરના કારણે અમારા નિવાસસ્થાને કર્યા શ્રી હનુમાનજી નો અવતાર શ્રી રામકાર્ય માટે થયેલ છે. શંકરાવતાર શ્રી હનુમાનજી છે.

પ્રનવઉ પવનકુમાર ખલબલ પાવક જ્ઞાનધન
જાસુ હદય આગાર બસહુ રામસર ચાપ ધર

શ્રી હનુમાનજી ને માતા સીતાજીના આર્શિવાદ છે. અમર રહો સદા યુવાન રહો,સદ્‌ગુણી અને શીલવાન રહો,સ્મરણ કરીને બોલાવે તેનું અમંગલ નાશ કરે.આ પાઠ અબાલ,વૃધ્ધ,સ્ત્રી-પરુષ બધાં જ કરી શકે છે. શ્રી રામચંદ્રજી ના આર્શીવાદ છે કે, તમને જે કોઈ ભજશે તેઓ પર મારો અનુગ્રહ રહેશે.માટે શ્રી હનુમાનજી રૂદ્રાવઅતાર હોઈ, શિવજીએ રામસેવા માટે હનુમાન અવતાર ધારણ કર્યો હોય, રામભકિત કરનાર ને હનુમાનજીની શિવકૃપા આપોઆપ પ્રાપ્ત થાય છે. આજે ઠેરઠેર સુંદરકાંડના પાઠ થાય છે.નિઃસ્વાર્થ પણે અને લોકહિતાર્થે એ જ ભકિત અને સેવા છે. હનુમાનજી જન્મથી જ તેજસ્વી હતા.નાનપણમાં તેમણે સુર્યને ફળ માની તેને પકડી ગળી ગયા જયા આકાશ તરફ ઉછળ્યા પરંતુ સુર્ય સુધી ન પહોંચી શકયા .પરંતુ ઉદયગિરી શીલા પર પડવાને કારણે તેમની દાઢીનો અગ્રભાગ થોડો કપાઈ ગયો. તેથી હનુમાન નામથી પ્રસિધ્ધ થયા. જયાં જયાં રામની કથા થાય છે. ત્યાં ભકતોને કોઈને કોઈ રૂપમાં હનુમાનજી જરૂર દર્શન દે છે. હનુમાનજી માં અભિમાનનો જરા પણ અંશ નથી શ્રી હનુમાનજીની કૃપા દ્રષ્ટિ જેના પર છે. તેના પર માતા પાર્વતી,શંકર ,લક્ષ્મણ-શ્રી રામ અને જાનકીજી સદા કૃપા કરતા રહે છે. જ્ઞાતીમૈયાની સેવ થાય જ્ઞાતિની ઉત્તરોતર પ્રગતિ થાય તેવી અભ્યર્થના સાથે વિરમું છુ.

**સંકલન : ટી.કે.દેવમુરારી (રાજુલા)**
**(વરિષ્ઠ પેન્શનર)**

જય સીતારામ સાથે

**રૂા. ૨૫૦ પ.નં ૨૭૧ થી મળેલ છે.**


## શ્રી બજરંગદાસ બાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલય સાવરકુંડલા
## પ્રવેશ જાહેરાત - સને ૨૦૨૬-૨૭● વર્ષ - ૩૭મું

**★ધોરણ - ૮ થી કોલેજ સુધી પ્રવેશ★**

(૧) બહેનોને વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ આપવામાં આવશે.
(૨) પ્રવેશ ફોર્મ જુના અને નવા બધાજ બહેનોને ભરીને તા.૩૦/૦૫/૨૦૨૬ સુધીમાં સંસ્થાએ પહોચતા કરવાના રહેશે.
(૩) પ્રવેશ મેળવવા પ્રવેશ ફોર્મ રૂા.૨૫ ભરીને પ્રવેશ મેળવી લેવાનો રહેશે.
(૪) પ્રવેશ સાથે રૂા. ૫૦૦૦/- ભોજન લવાજમ તથા પ્રવેશ છત્ર ફી તથા રામભક્ત લવાજમ ભરવાનું રહેશે.
(૫) સ્કુલ કોલેજના એડમીશન વાલીએ જાતે મેળવી લેવાનો રહેશે.
(૬) સ્કુલ કોલેજનું એડમીશન મળ્યા પછી છાત્રાલયનું એડ્મીશન મેળવી લેવાનું રહેશે.
(૭) છાત્રાલય બહાર ટ્યુશનમાં જવા દેવામાં આવશે નહી.અનિવાર્યે વાલીની સંમતિથી બહાર જઈ શકાશે.
(૮) શાળા કોલેજ અને છાત્રાલય સવારના ૮ થી ૧૧ કલાક સુધી વેકેશન દરમ્યાન ખુલ્લા રહેશે વેકેશન દરમ્યાન પ્રવેશ કાર્ય પૂર્ણ કરી લેવું જરૂરી.
(૯) નાપાસ/રીપીટરને પ્રવેશ આપવામાં આવતો નથી

**સંસ્થામાં મોબાઈલ રાખી શકાશે નહિં.**

- સંચાલન સમિતી -

શ્રી બજરંગદાસ બાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલય - સાવરકુંડલા
સંસ્થા ફોન નં :- ૦૨૮૪૫-૨૯૯૩૦૦, મો.નં.૬૩૫૩૮૯૦૧૯૬, ૯૪૦૯૮૫૧૨૫૧


## શ્રી રામાનંદી સાધુ સમાજના સ્થાનીક સ્વરાજની ચૂંટણીમાં વિજેતા ઉમેદવારોને હાર્દિક અભિનંદન



**શ્રી મતિ રસીલાબેન હસમુખભાઈ વૈષ્ણવ**
રાજકોટ વોર્ડ નંબર ૧૭ ભારતીય જનતા પાર્ટી



**શ્રી ઘનશ્યામદાસ દેવમુરારી**
ગોંડલ તાલુકા પંચાયત(કેશવાળા બેઠક)
ભારતીય જનતા પાર્ટી



**શ્રી આશિષભાઈ દેવમુરારી**
અમરેલી તાલુકા પંચાયત(નાના માચીવાળા બેઠક)
ભારતીય જનતા પાર્ટી



**શ્રી હિરવાબેન હિમાંશુભાઈ સાપુ**
હિંમતનગર નગરપાલિકા(વોર્ડ નંબર ૧૦)
ભારતીય જનતા પાર્ટી



**શ્રી કમલેશભાઈ અગ્રાવત**
લીલીયા મોટા તાલુકા પંચાયત
(વોર્ડ નંબર ૧)

આ તમામ ઉમેદવારો ને ખૂબ જ સારી લીડથી વિજેતા જાહેર થયા છે ત્યારે તમામ ને ખૂબ ખૂબ શુભેચ્છા સહ અભિનંદન પાઠવીએ છીએ...જય સીતારામ...

**શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષમંડળ સાવરકુંડલા**



અસંભવ ફક્ત એ જ છે, જેની તમે શરૂઆત નથી કરી.

## • રાજ્યપાલના હસ્તે ડો.અર્જુન નિમાવતને પીએચ.ડી.ની ડિગ્રી એનાયત કરવામાં આવી •

શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ અર્જુનભાઈ ને ખુબ ખુબ શુભકામના પાઠવે છે અને ઉતરોતર પ્રગતિ કરે તેવી હાર્દિક શુભકામના પાઠવે છે નિમાવત પરિવાર ના સમાજ રત્ન ભાઈ શ્રી અર્જુનભાઈ ને ફરી ફરી અભિનંદન પાઠવવામાં આવે છે. અરુણભાઈ દેવો મુરારી પ્રમુખ રાજ્ય મંડળ સાવરકુંડલા મનીષભાઈ પીપાવત મહામંત્રી કિશોરભાઈ નિમ્બાર્ક ચેરમેન તેમજ સમગ્ર રાજમંડળની ટીમ તરફથી અભિનંદન...



### લાખ લાખ અભિનંદન

### બોટાદના ગૌરવ અને રામાનંદી સાધુ સમાજનું રત્ન

### ડો.અર્જુન નિમાવત

આપને મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીના ૧૦મા પદવીદાન સમારોહમાં ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના વરદ હસ્તે પીએચ.ડી(Ph.D.)ની પદવી એનાયત કરવામાં આવી તે જાણીને અત્યંત આનંદ અને ગૌરવની લાગણી અનુભવીએ છીએ. બોટાદ શહેરના ઈતિહાસ પર આપે કરેલું મહત્વપૂર્ણ સંશોધન શૈક્ષણિક ક્ષેત્રે એક નવી રાહ ચીંધશે. આપની આ અથાગ મહેનત, ધગશ અને વિદ્યા પ્રત્યેની નિષ્ઠા સમગ્ર સમાજ માટે પ્રેરણારુપ છે. આપ ઉત્તરોત્તર પ્રગતિ કરો અને શૈક્ષણિક ક્ષેત્રે નવા શિખરો સર કરો તેવી શ્રી રાઘવેન્દ્ર સરકાર ને હનુમાનજી દાદા નાં ચરણોમાં પ્રાર્થના.

**શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.**

શ્રી રાજ્યપાલ હસ્તક સન્માન રામાનંદી સમાજનું ગૌરવ

## ચિ. હેતાંશ /ચિ. હિરવા મહામુહી રાજ્યપાલ શ્રી દ્વારા રામાનંદી સાધુ સમાજના બાળકો નું સન્માન થતા હેતાંશ પુનમબેન રામાવત

ચિ. હિરવા પુનમબેન રામાવત (જીતુભાઈ રામાનુજ સાહેબ ટ્રસ્ટી શ્રી રામ સેતુ ટ્રસ્ટ તેમજ પ્રમુખ શ્રી ગઢડા રામાનંદી સમાજ ના ભાણેજ) હેતાંશ /હિરવા પુનમબેન રામાવત ચલાલા ગાયત્રી વિદ્યાલય સંસ્થા શ્રી સંસ્કૃત શક્તિ ગુરુકુળ માં ધોરણ ૬ માં અભ્યાસ કરે છે બંને જુડવા ભાઈ બહેન છે બંનેને એક સાથે રાજ્યપાલ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા.હેતાંશ પુનમબેન રામાવત- ૧૦૦ સુભાષિત નું કંઠસ્યા ગાન અને અર્થઘટનમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ પરિણામ સમગ્ર ગુજરાતમાં પ્રથમ આવેલ હિરવા બેન રામાવત કે જેઓ વૈદિક ગણિત ની સ્પર્ધા (ઈસરો ના વડા ની ઉપસ્થિતિમાં) ઈસરો નું હેડ ક્વાર્ટર અમદાવાદ પરિણામ સમગ્ર ગુજરાતમાં પ્રથમ આવેલ એક સાથે એક સ્ટેજ પર બંને જો ડવા ભાઈ બહેન ને રાજ ભવન ખાતે માનનીય શ્રી રાજ્યપાલ મહોદયની ઉપસ્થિતિમાં શિક્ષણ મંત્રીના હસ્તે રૂપિયા ૨૧,૦૦૦ રોકડ પુરસ્કાર બંનેને ખેશ, , પ્રમાણપત્ર અને શીલ્ડ એનાયત થયા રામાનંદી સાધુ સમાજ ના બાળકોનું સન્માન થતા ખુશાલી ભેટ એક શીલા નું દાન, ૧૧૧૧ રૂપિયાનું શીલા દાન કર્યું. સમગ્ર ગુજરાતમાં પ્રથમ આવતા ખૂબ ખૂબ અભિનંદન ઉતરોતર પ્રગતિ કરતા રહો આપણા અભ્યાસ માં ખૂબ જ આગળ વધો અને સમાજ અને પરિવારનું નામ રોશન કરો તેવી શુભકામનાઓ.



**શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.**



મૌન અને એકાંત આત્માના સર્વ શ્રેષ્ઠ મિત્રો છે.

85 અર્બન હેલ્થ સેન્ટર પર માત્ર આધાર નંબર પરથી સિનિયર સિટીઝનને આયુષ્યમાન કાર્ડ મળી જશે

# વય વંદના: ૭૦ થી વધુ વર્ષના ૩ લાખ વડીલોને રૂા.૧૦ લાખના ફ્રી મેડિક્લેઈમ માટે નોંધણી શરૂ

આરોગ્ય વીમા માટે આવકની કોઈ મર્યાદા નથી, ખાનગી હોસ્પિટલમાં પણ સારવાર કરાવી શકાશે

## ઈ-કેવાયસી ફરજિયાત, વીમો તરત ચાલુ થઈ જશે, સારવાર પણ કેશલેશ

આયુષ્યમાન ભારત યોજના હેઠળ નાગરિકોને આરોગ્ય વીમો પૂરો પાડવામાં આવે છે. આ યોજના દરેક પરિવારને ફેમિલી ફ્લોટરને આધારે વીમા કવચ પૂરું પાડે છે. પ્રાઈમરી, સેકન્ડરી કે ગંભીર બીમારીની સારવાર માટે આ યોજનાનો ઉપયોગ થઈ શકે છે. હાલમાં કેન્દ્ર સરકારે સુધારો કરી ૭૦ થી વધુ વર્ષના લોકોને રૂ.૧૦ લાખ સુધી આરોગ્ય વીમો પૂરો પાડવાની જોગવાઈ કરી છે.

વડાપ્રધાન વય વંદના યોજના હેઠળ ૭૦ થી વધુ વયના સિનિયર સિટીઝનને ૧૦ લાખનો મેડિક્લેઈમ ફ્રીમાં અપાઈ રહ્યો છે. મ્યુનિ.ના ૮૫ અર્બન હેલ્થ સેન્ટર પરથી વડીલોને માત્ર આધાર કાર્ડને આધારે વય વંદના આયુષ્યમાન કાર્ડ કાઢી આપવાનું શરૂ કરી દેવાયું છે. સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવાંગ દાણીના જણાવ્યા અનુસાર, ૭૦ થી વધુ વયના સિનિયર સિટીઝનને તાત્કાલિક કાર્ડ મળી જાય તે માટે વિશેષ ડેસ્ક શરૂ કરવામાં આવ્યું છે. વડીલો સરકારી ઉપરાંત શહેરની નિયત કરાયેલી ૧૨૪ ખાનગી હોસ્પિટલમાં પણ રૂ.૧૦ લાખ સુધીની મફત સારવાર મેળવી શકશે. જે સિનિયર સિટીઝન ઓનલાઈન સુવિધાનો ઉપયોગ કરી કાર્ડ બનાવી શકતા નથી તેમને મદદ કરવા માટે અર્બન હેલ્થ સેન્ટર અને સામુહિક આરોગ્ય કેન્દ્ર પર હેલ્પડેસ્ક શરૂ કરાયું છે. મતદાર યાદી મુજબ જોઈએ તો શહેરમાં ૭૦ થી વધુ વયના અંદાજે ૩ લાખ વડીલ છે. સાતેય ઝોનમાં આવેલાં અર્બન હેલ્થ સેન્ટર ખાતે નોંધણી કરી આરોગ્ય વીમાનું કાર્ડ કાઢી આપવામાં આવી રહ્યું છે. આ કાર્ડ માટે આવકની કોઈ મર્યાદા રખાઈ નથી.

### આ રીતે કાર્ડ કઢાવી શકાશે

૧ આધાર કાર્ડ સાથે નજીકના અર્બન હેલ્થ સેન્ટર પર જાવ.

૨ આવકની મર્યાદા ન હોવાથી અન્ય કોઈ પુરાવાની જરૂર નથી.

૩ અર્બન હેલ્થ સેન્ટર પર વિશેષ હેલ્થ ડેસ્ક મદદ પૂરી પાડશે.

૪ આધાર કાર્ડ આપતા જ ફોર્મ ઓનલાઈન ભરી અપાશે.

૫ પ્રક્રિયા પૂરી થયા પછી કાર્ડ અંગે તમામ માહિતી પૂરી આવશે.

**પશ્ચિમમાં ૨૮ અને પૂર્વમાં ૫૩ અર્બન હેલ્થ સેન્ટર પર કામ શરૂ**

| ઝોન | હેલ્થ સેન્ટર | ઝોન | હેલ્થ સેન્ટર |
|---|---|---|---|
| મધ્ય | ૧૧ | દ.પશ્ચિમ | ૫ |
| પશ્ચિમ | ૧૫ | પૂર્વ | ૧૩ |
| દક્ષિણ | ૧૫ | ઉત્તર | ૧૪ |
| ઉ.પશ્ચિમ | ૮ | | |

નોંધ: શહેરમાં આવેલા ૪ સામુહિક આરોગ્ય કેન્દ્ર પરથી પણ આકાર્ડ કાઢી આપવામાં આવે છે.

### ખાસિયત: વિશેષ હેલ્પડેસ્ક શરૂ કરાયું

★ આવક ગમે તેટલી હોય તો પણ ૭૦ થી વધુ વયના સિનિયર સિટીઝન પીએમજય યોજના હેઠળ આરોગ્ય વીમા નો લાભ મેળવી શકે છે. આ માટે વિશેષ હેલ્પડેસ્ક શરૂ કરાયું છે.

★ અધિકૃત હોસ્પિટલમાં કેશલેશ સારવાર કરાવી શકાશે.

★ કોઈપણ રોગની સારવાર માટે વીમો તરત ચાલુ થાય છે.

★ આધાર નંબર આધારિત ઈ-કેવાયસી કરાવવું ફરજિયાત છે.

★ 70 થી વધુ વયના પરિવારના વડાનું નામ નોંધાવ્યા પછી ઘરમાં 70 થી વધુ વયના સભ્યોના નામ ઉમેરી શકાય છે.

### યોજનાનો લાભ લેવા ઓછામાં ઓછા ૧૦ બેડની ક્ષમતાની હોસ્પિટલ હોવી જોઈએ

★ આયુષ્યમાન ભારત કેન્દ્ર સરકારની યોજના છે. તમારી પાસે અંગત આરોગ્ય વીમો હોય તો તેના પર આ યોજનાની કોઈ અસર પડતી નથી.

★ આયુષ્યમાન ભારત હેઠળ આવતા દર્દીઓનો સંપૂર્ણ રેકોર્ડ રાખવામાં આવશે જેથી ભવિષ્યમાં રિપિટેશન ટાળી શકાશે.

★ સારવાર માટે નક્કી કરાયેલા માપદંડ મુજબ યોગ્ય ધરાવતી હોસ્પિટલ ઓછામાં ઓછા ૧૦ દર્દીને દાખલ કરવાની ક્ષમતા ધરાવતી હોવી જોઈએ.

### અંદાજે ૧.૬૧ લાખ પાસે આયુષ્યમાન કાર્ડ છે, ધસારો થવાની શક્યતા

શહેરની મતદાર યાદી મુજબ અમદાવાદમાં ૭૦ થી વધુ વયના અંદાજે ૨.૯૬ લાખ સિનિયર સિટીઝન છે. આમાંથી લગભગ ૧.૬૧ લાખ વડીલો પાસે આયુષ્યમાન કાર્ડ છે. અર્થાત્ ૫૦ ટકાથી વધુ વડીલો આ કાર્ડ ધરાવે છે. વય વંદના કાર્યક્રમ હેઠળ મોટી સંખ્યામાં વડીલોની નોંધણી થવાની અને આરોગ્ય વીમાનું કાર્ડ નીકળવાની શક્યતા છે.

**સંકલન : અશોકભાઈ જે. રામાનુજ(ટ્રસ્ટી ખજાનચી)**

## Bio-Data

### Personal Details:-

Name :- Anand Tilavat
DOB :- 13/06/1996
Blood Group :- O+
Education :- Graduate in Electrical Engineering
Job Des :- QC Executive - Axelon Industries
Annual Income :- 4.50 LPA



### Family Details:-

Father Name : LATE.Shree Vrajlal Tilavat (Retired Gov.Teacher)
Mother Name : Devkunvarben Nimavat
Sister : Preeti Kashypbhai Kubavat (Gov.Teacher-jamnagar)

### Residence Address :-

**Raghunandan,Saurabh tenament, saru section road - jamnagar**

### Contact Details:-

**Mother :- 9601949793, Sister :- 9714512890**

રૂ.૧૫૦૦/- પ.નં.૩૩૪ થી મળેલ છે.

## Bio-Data



**Date of Birth** : 26 th December 1994
**Place of Birth** : Junagadh,Gujarat
**Height** : 5'9"
**Weight** : 70 kg
**Religion** : Ramanandi Hindu
**Native:** : Amreli , Gujarat

# Sarthak Devmurari

### Education

Master's in Industrial Engineering -University at Buffalo, New York
Bachelor of Engineering in Mechanical-Parul Institute of Engineering & Technology (GTU)

### Occupation

Profession: Builders & Developers | Import & Export

### Family Details

Father : Mr. Hitendra Maganlal Devmurari (B.E. Civil)
Profession : Builder & Developer
Mother : Mrs. Minaxiben Hitendra Devmurari ( Homemaker)
Sister : Dr. Dhruvi Prathitt Anant (BPT) (Physiotherapist)

### Firms

Devmurari Enterprise – Civil Construction
Maruti Sales – Building Material Supplier
VNS Associates – *The Nest* project, Vadodara
Adhya Shakti Developers – *Nakshatra Greens* project, Jarod
NEWAGE Corporation – *Divine Luxuria* project, Jarod

### Contact Details

Mr. Hitendra Devmurari
Mobile: +91 98243 22426 / +91 88494 45351
Email: dhruvi8888@gmail.com

રૂ.૧૫૦૦/- પ.નં. ૩૩૫ થી મળેલ છે.

A/25, Meghapark Society ,Vasna Road, Vadodara –390007, Gujarat, India

## બાયોડેટા



### વ્યક્તિગત માહિતીઃ-

નામ :- હર્ષ જીતેનદ્રકુમાર અગ્રાવત
જન્મ તારીખ :- ૦૮/૧૨/૧૯૯૮
ઊંચાઈ :- ૫'૫''
વજન :- ૭૨ કિલો
અભ્યાસ :- B.SC NURSING
વ્યવસાય :- આસિસ્ટન્ટ નર્સિંગ સુપ્રિટેન્ડેન્ઠ (INSTITUTE OF KIDNEY DISEASES AND RESEARCH CENTER INSTITUTE OF TRSAPLANTATION SCIENCE AHMEDABAD)

### પરિવારની માહિતીઃ-

પિતાનું નામ :- જીતેન્દ્રકુમાર અમરદાસ અગ્રાવત
વ્યવસાય :- પ્રાઈવેટ નોકરી
માતાનું નામ :- મીનાબેન જીતેન્દ્રકુમાર અગ્રાવત
બહેન(નાની) :- અભ્યાસ
મોસાળ :- આશિષકુમાર બાબુલાલ રામાનુજ(વીંછીયા જી.રાજકોટ)

સંપર્ક નં:- 92278 05571, 83204 61900 (WHATS APP)
સરનામું :- જુનો કડિયાળી રોડ, શિવાજી ચોક, રાજુલા, જી.અમરેલી

નોંધ :- સરકારી નોકરી કરતા અથવા સમકક્ષ યોગ્યતા ધરાવનાર કન્યાના વાલી તરફથી વ્યવહારીક પૂછપરછ આવકાર્ય છે.

રૂા.૧૫૦૦/- પ.નં. ૩૩૭ થી મળેલ છે.

### શ્રી બજરંગદાસબાપા રામાનંદગુરૂકુળ કન્યાત્રાલય ની બાળાઓને શિલ્ડ મેળવવા બદલ અભિનંદન....

સાવરકુંડલા ખાતે કોલેજ દ્વારા કાર્યક્રમ યોજાયેલ જેમાં છાત્રબાળાઓને શિલ્ડ પ્રાપ્ત થયેલ છે.છાત્રબાળાઓને ખૂબ ખૂબ શુભેચ્છા.....અભિનંદન.....









(૧) **નિમાવત જાનવીબેન કિશોરભાઈ ,દલખાણીયા.**(S.Y.B..A) સંસ્કૃત-દ્વિતીય ક્રમાંક સેમ-૨ માટે શિલ્ડ મળેલ છે.
(૨) **દેવમુરારી હિરલબેન રામભાઈ -ડુંડાસ** (S.Y.B.A) કોલેજ કક્ષાએ ચક્રફેક પ્રથમક્રમાંક તથા બરછી ફેકમાં દ્વિતીય ક્રમાંક શિલ્ડ પ્રાપ્ત કરેલ છે.
(૩) **દેવમુરારી ખુશબૂબેન અનિલભાઈ દહીંથરા**(S.Y.B.A) સેમ-૨ સમાજશાસ્ત્ર પ્રથમ ક્રમાંક સાથે પાસ થતા, તથા રાધા-કૃષ્ણ ચરિત્રગાથા કાર્યક્રમમાં ભાગલેતા શિલ્ડ મળતા અભિનંદન ઉપરોકત તમામ છાત્રબાળાઓ એ પ્રાપ્ત કરેલ સિધ્ધિ બદલ હાર્દિક અભિનંદન સહ શુભકામના.

લિ. શ્રી બજરંગદાસબાપા રામાનંદગુરૂકુળ-સંચાલન સમિતી.

**શ્રી બજરંગદાસબાપા કન્યા છાત્રાલય ૧, દિવસીય મિષ્ટભોજન,**
**તા.૧૧/૦૪/૨૬, શનિવાર, ચૈત્ર વદ-૯**





(જસાધાર ગીર) નિવાસી ગીરનારીદાસ બાવનદાસ ટીલાવત ના.પૂજય પિતાશ્રી સ્વ. બાવનદાસ ત્રિકમદાસ ટીલાવત તથા માતૃશ્રી સ્વ. પ્રેમીબેન બાવનદાસ ટીલાવત,સ્વ.કમળાબેન બાવનદાસ ટીલાવત . ની સ્મૃતિમાં સસ્થાની બાળાઓને મિષ્ટભોજન દિન-૧ જમાડવા તથા છાત્રબાળાઓને રૂા.૧૦ દક્ષિણાદાન આપવામાં આવેલ. સ્વ. આત્માને શ્રધ્ધાજંલી આપવામાં આવેલ ધન્યવાદ ....

-: હસ્તે :-
ગીરનારીદાસ બાવનદાસ ટીલાવત,
ભીમદાસ બાવનદાસજી ટીલાવત, સુખદેવભાઈ બાવનદાસ ટીલાવત

**રૂા.૫૧૦૦ પ.નં ૨૭૩ થી મળેલ છે.**

**શ્રી બજરંગદાસબાપા કન્યા છાત્રાલય એક દિવસીય મિષ્ટભોજન,**



મુંબઈ મીરારોડ નિવાસી મહેશભાઈ ગોપાલભાઈ શેલાણી ની માતૃશ્રી સ્વ.ગૌ.વા.કંચનબેન ગોપાલભાઈ શેલાણી ની પુણ્યતિથીએ તા.૩૦/૦૩/૨૬ ને સોમવાર નાં રોજ છાત્રબાળાઓને મિષ્ટભોજન આપવામાં આવ્યું.તેમજ દરેક છાત્રબાળાઓને સાવરકુંડલા સ્થિત ચંપકભાઈ ગઢીયા દ્વારા સારી પેન એક દરેકને ભેટ આપવામાં આવી. સદ્ગત આત્માને છાત્રબાળાઓ દ્વારા શ્રધ્ધાજંલી આપવામાં આવી

હસ્તે :- મહેશભાઈ ગોપાલભાઈ શેલાણી, ચંદ્રિકાબેન મહેશભાઈ શેલાણી

ભાવતા ભોજન : પુરણપોળી, ખમણ, મીકસશાક, દાળ-ભાત, સલાડ, પાપડ, છાસ.

**રૂા.૫૧૦૦ પ.નં ૩૨૨ થી મળેલ છે.**

**શ્રી બજરંગદાસબાપા કન્યા છાત્રાલય એક દિવસીય મિષ્ટભોજન,**



કેશોદ નિવાસી તુલસીદાસ નારાણદાસ અગ્રાવત નાં ધર્મપત્નિ સ્વ.રંજનબેન તુલસીદાસજી અગ્રાવત, ફાગણ વદ ૧૪ ને તા.૧૦/૦૪/૨૬ ના સાકેતવાસી થતા આજે સંસ્થાએ તા.૧૬/૦૪/૨૬ ના રોજ રૂબરૂ આવી છાત્રબાળાઓને મિષ્ટભોજન અપાયું. શીંખડ,પુરી, ભજીયા, દાળ-ભાત, સંભારો, પાપડ, છાસ. નું ભોજન અપાયું. છાત્રબાળાઓ દ્વારા સદ્ગત આત્માને હનુમાન ચાલીસા પાઠ દ્વારા શ્રધ્ધાજંલી આપવામાં આવી.

હસ્તક :-તુલસીદાસ નારાણદાસજી અગ્રાવત, પ્રફુલભાઈ વી.અગ્રાવત વિસાવદર

**રૂા.૩૧૦૦ પ.નં ૨૭૭ થી મળેલ છે.**

**શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલય**
**રસોડાના વાસણ-એલ્યુ.તપેલા હેવી, નંગ-૩ દાન**



અમદાવાદ નિવાસી (મુળગામ-સેંજળ)મહેશભાઈ ગોરધનદાસ રામપ્રસાદી સંસ્થા મુલાકાતે આવતા. ગતમાસે - મિષ્ટભોજન તથા મોટા તપેલા,કૂકર નું દાન આપેલ.ત્યારે પ્રમુખશ્રી દ્વારા નાના તપેલા,છીબા સાથે ની જરૂરીયાત જણાવેલ. ફરી તે આજે ૦૪/૦૪/૨૬ ના રોજ અમદાવાદ થી હેવી તપેલા ૩ નંગ છીબા સાથે લાવી ભેટ આપેલ છે. રામપ્રસાદી પરિવારનો રાજ્ય મંડળ સાવરકુંડલા ખૂબ-ખૂબ આભાર માને છે.

-: હસ્તે :- મહેશભાઈ ગોરધનદાસ રામપ્રસાદી
શ્રીમતિ મિનાક્ષીબેન મહેશભાઈ રામપ્રસાદી
શ્રી ગૌરાંગકુમાર મહેશભાઈ રામપ્રસાદી

**પ.નં ૯૭ થી મળેલ છે.**

Postal Registration No. G - AMR - 147-2024-26 Registered RNI No. Guj Guj/2006/31049
Permitted to post at Savarkundla by Spo's Amreli on 10th of every Month Vide Letter

## શ્રી બજરંગદાસ બાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલય સાવરકુંડલા ને મિષ્ટ ભોજન યોજના અંતર્ગત કાયમી મિષ્ટ ભોજન તિથીદાન (સાયલા)



સાયલા નિવાસી મહારાજ રેસ્ટોરન્ટવાળા શ્રી રાજેન્દ્રપ્રસાદ નટવરલાલ રામાનુજ ના ધર્મપત્નિ સ્વ.કુંદનબેન રાજેન્દ્રપ્રસાદ રામાનુજ ની કાયમી પૂણ્ય સ્મૃતિ માં શ્રી બજરંગદાસ બાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલય ની ચાલતી મિષ્ટભોજન યોજના અંતર્ગત સ્વ.કુંદનબેનની પુણ્યતિથી એ પ્રતિવર્ષ છાત્રબાળાઓને મિષ્ટ ભોજન માટે સંસ્થાના દયા વિધી કાયમી નિભાવફંડ માં એક તિથી નું દાન રૂ.૧૫૧૧૧/- પ.નં. ૨૮૬/૨૮૭ થી મળેલ છે.

પ્રેરણાઃ સંસ્થાના ટ્રસ્ટીઓ તા.૨૫-૦૪-૨૦૨૬ ના રોજ અમઆંગણે રૂબરૂ પધારતા

પૂણ્યતિથીઃ-પોષ સુદ-૧૫(પુનમ) સ્વ.તા.૧૩-૦૧-૨૦૨૫

-: હસ્તે :-

શ્રી રાજેન્દ્રપ્રસાદ નટવરલાલ રામાનુજ



| | |
|---|---|
| વિજયભાઈ રાજેન્દ્રપ્રસાદ રામાનુજ | શ્રીમતિ શ્રધ્ધાબેન વિજયભાઈ રામાનુજ |
| યોગેશભાઈ રાજેન્દ્રપ્રસાદ રામાનુજ | શ્રીમતિ દેવિકાબેન યોગેશભાઈ રામાનુજ |
| નંદરામભાઈ રાજેન્દ્રપ્રસાદ રામાનુજ | શ્રીમતિ આરતીબેન નંદરામભાઈ રામાનુજ |

સંગીતાબેન રાજેન્દ્રપ્રસાદ રામાનુજ (પુત્રી)(સાયલા)
જાગૃતિબેન સતીષકુમાર વૈષ્ણવ (પુત્રી જમાઈ રામભક્ત કન્વીનર સુરત)

## શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ

રામભક્ત લવાજમ, દાનભેટ, છાત્રાલયને દાનભેટ મોકલવા માટે
હવે બાજુમાં આપેલ **QR Code** સ્કેન કરીને ઓનલાઇન ભેટ મોકલી શકાશે.
વોટ્સએપ પર જાણ કરો.વોટ્સએપ ફોન નં.૯૪૦૯૮ ૫૧૨૫૧
**સંસ્થાનું મળતું દાન કલમ 80G હેઠળ કરમુક્તને પાત્ર છે.**
AAFTS4033A25AT01 - AAFTS4033A25AT02

લવાજમ લેખો ભેટ ફાળો મોકલવાનું તેમજ પત્ર વ્યવહારનું સરનામું

If not delivered Please return to

From :
રામભક્ત કાર્યાલય
ભાનુભાઇ ડી. રામાનૂજ
શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ
કન્યા છાત્રાલય, સાવરકુંડલા-૩૬૪૫૧૫
જી.અમરેલી. મો.નં.૬૩૫૩૮૯૦૧૯૬
E-mail : rambhakt.svkd@gmail.com
http://www.rambhaktsvkd.org

પ્રતિ શ્રી, ____________________

*Printed Book*

____________________

____________________

____________________

પીન નં. : □□□□□□

OWNER : BHANUBHAI D. RAMANUJ (TRUSTY)
SHREE GUJARAT RAMANANDI SADHU SAMAJ UTKARSH MANDAL - SAVARKUNDALA
EDITER : BHANUBHAI D. RAMANUJ
PRINTER & PUBLISHER : BHANUBHAI D. RAMANUJ (TRUSTY)
SHREE GUJARAT RAMANANDI SADHU SAMAJ UTKARSH MANDAL - SAVARKUNDALA
PRINTED AT : SURESHBHAI M. BOTADARA
HARIOM OFFSET, PALIYAD ROAD, BOTAD-364 710. E-mail : hariom.offsetbotad@gmail.com
PUBLISHED AT : RAMBHAKTA KARYALAYA,
SHREE BAJRANGDASBAPA RAMANNAND GRUKUL KANYA CHHATRALAYA,
SAVARKUNDLA - 364 515. DIST.AMRELI - GUJARAT